Shree Patan Jain Mandal
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૯ • સળંગ અંક ૧૦૪ • મુંબઈ • જુલાઈ ૨૦૧૫ • પાના ૨૪ • છૂટક નકલ રૂા. ૨/–
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...

સમાજ ઉત્કર્ષ સમિતિએ ભાયંદર ખાતે તા. ૨૮-૬-૨૦૧૫ને રવિવારે એક સ્નેહ સંમેલનનું આયોજન કર્યું હતું. ખાસ કરીને દહીંસરથી પાલઘર સુધી રહેતા પટણી જૈન પરિવારોને આનંદ થયો હતો કે, આ પ્રસંગે એક સાથે ચાર ઉપપ્રમુખો, બે એડમીનીસ્ટ્રેટીવ મંત્રીઓ અને અનેક હોદ્દેદારો હાજર રહ્યા હતા. તેથી એ વાતની પ્રતીતિ થતી હતી કે, પાટણ મંડળનું લક્ષ્ય સમાજની આર્થિક ઉન્નતિ અને પ્રગતિ છે. **શ્રી દાનેશભાઈ માટલીવાળાના** નેતૃત્વમાં સમાજને આત્મનિર્ભર બનાવવા માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમાજના અનેક પરિવારોએ પોતાની જરૂરિયાતો જણાવી હતી. આ અંગેનું પરિક્ષણ ચાલુ છે. **સમાજના જે પણ પરિવારોને આર્થિક કે માર્કેટીંગ પ્રશ્ન હોય તો તેઓ જણાવી શકે છે. પાટણ જૈન મંડળ આ પરિવારોને ઉદ્યમ માટે આર્થિક સહકાર આપવા તૈયાર છે, એ ઉપરાંત માર્કેટીંગ માટે સમાજનું મુખપત્ર પ્રતિબિંબ વિના મૂલ્યે જાહેરખબર દ્વારા વેચાણમાં મદદરૂપ થશે.**

પાટણના ભાભાના પાડાના **શ્રી નરેશભાઈ નવનીતલાલની** ઉદાર સખાવતથી ''**જીવન સૌરભ**''ના બે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. **શ્રી ભરતભાઈ કાંતિલાલની** રાહબરી હેઠળ કાર્યકર્તાઓની અથાગ મહેનતે સિનિયર સીટીઝનના આ કાર્યક્રમોનું સફળ આયોજન થયેલ છે. પાટણની ''**ગૌરવ ગાથા**''નો વીડીયો અવિસ્મરણિય બની રહેશે.

**''સબકા સાથ, સમાજ કા વિકાસ'' આને ધ્યાનમાં રાખીને સમાજના કાર્યકરો તન, મન અને ધનથી સમાજસેવા કરી રહ્યા છે**

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજુ)

## From President's Desk...

**Sunday, 28th June was a historic day for Shree Patan Jain Mandal to have organised a get-together for helping in Social and Economic up-liftment of Patanis staying beyond Borivali.** Apart from excellent attendance, our Committee members, with the leadership of **Shri Daneshbhai Matliwala** put in wholehearted efforts for organising this which resulted in **discussion to help our Society members to be Self-reliant.**

Spontaneous donation of Shri Nareshbhai Navnitlal along with excellent team efforts and long hours put in by over 2 dozen members, **under the leadership of Shri Bharatbhai Kantilal resulted in outstanding programs organised by Jeevan Saurabh** on Sunday, 12th July at BCA, Churchgate for South Mumbai residents and on 19th July at Jalaram Hall, Juhu for others.

There was joy and happiness on everyone's faces during both the Smruti Vandana Programs orgainsed by Jeevan Saurabh. **This was further topped up by a spontaneous announcement of Rs 1 crore and 8 lacs by Babu Amichand Panalal Adishwar Jain Temple Charitable Trust for Sadharmik Bhakti, Jirnodhar and similar expenses for Centenary Celebrations of Shree Patan Jain Mandal. On this occasion, Shri Nareshbhai Navnitlal also offered Rs 11 lacs towards Centenary Celebrations. We are grateful to all of them.**

(Cont'd on Pg 3)

## તંત્રીસ્થાનેથી...

# ડિજિટલ પાટણ

શ્રી પાટણ જૈન મંડળ એકસો વર્ષથી સામાજીક અને સાર્વજનિક ક્ષેત્રે અનેક વિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજ સેવાના કાર્યો કરી રહી છે. સમયની સાથે કદમ મીલાવી દરેક કાર્યકરો ઉત્સાહભેર કાર્યો કરી રહ્યા છે.

સંસ્થામાં જોડાતા કાર્યકરોની મહત્વકાંક્ષા, કલ્પેલ યોજનાઓને સાકાર કરવાની અભિલાષા હોય છે, જે સમાજ સેવાના પગલે ચાલતાં જ પુરી થઈ શકે અને તે માટે તેઓ પ્રયત્નશીલ રહે છે.

સમયની સાથે તાલ મીલાવવા વર્ષોથી ચાલી આવતી પ્રણાલીકાગત પદ્ધતિ અને કાર્યશૈલીમાં ફેર બદલાવ સમયની માંગ છે. દુનિયામાં હરીફાઈના યુગમાં આપણે અગ્રેસર રહેવું હોય તો સંસ્થાના વહીવટી - સામાજીક અને અન્ય ક્ષેત્રે ફેરફાર કરવા અને નિર્ણયો લેવા તેટલુંજ મહત્વનું બની રહે છે. **આદર્શ પાટણ સમાજના નિર્માણની કલ્પના** સાથે આપણે સામાજીક ક્ષેત્રે ક્રાંતિ થાય તેવી યોજનાઓ કરવી જોઈએ અને તે માટે સમાજના દરેક નાગરિકને જાગૃત કરવાની અને સમાજમાં નવી જાગૃતિ લાવવાની અપેક્ષાઓ છે, તે માટે 'ડિજિટલ પાટણ સમાજ' તેમાં સહાયક બની શકશે.

સંરક્ષણ અને મેડીકલ ક્ષેત્રના અદ્યતન સોફ્ટવેર ભારતમાં વિકસાવવામાં આવી રહ્યા છે તેમાં ભારતના યુવાનોનો મોટો ફાળો છે તે યુવાનોમાં આપણા સમાજના યુવાનો પણ હશે જ! આવા તેજસ્વી મહત્વકાંક્ષી યુવાનોને ડિજિટલ ઈન્ડિયા કે ડિજિટલ પાટણ રોજગારીની વિશાળ તકો પૂરી પાડશે. શિક્ષણ અને મેડીકલ ક્ષેત્રે પણ ડિજિટલ ટેક્નોલોજી એક પથદર્શક બની રહેશે. જેનો સમાજે ભરપૂર લાભ લેવોજ રહ્યો.

મંડળે પણ સમયની સાથે કદમ મિલાવી સમાજને ઝડપથી માહિતી પ્રાપ્ત થાય તે માટે કેટલાક ફેરફારો કરેલ છે.

**સંસ્થાની વેબસાઈટ, ડિજિટલ વસ્તીપત્રક, ઈ-મેલ, સ્માર્ટ ફોન મોબાઈલ, દ્વારા સરળ સંપર્ક અને દરેક માહિતી ઉપલબ્ધતા.** કોમ્પ્યુટરાઈઝ્ડ કાર્યાલયની કાર્યવાહી, સહાયની રકમો જરૂરિયાતવાળાઓના બેન્ક ખાતામાં તુરત જ ટ્રાન્સફર, સહાયની અરજીઓનો આઠ-દસ દિવસે નિર્ણયો કરી મંજૂર કરવી. સહાયની વિગતોનું વર્ગીકરણ, જુદા જુદા વિસ્તારમાં 'ચેપ્ટર'ની શરૂઆત. પાટણ પ્રતિબિંબ ગુજરાતી સાથે અંગ્રેજીમાં માહિતી.

ઉપરાંત સમાજના ડૉક્ટરો, ચાર્ટડ એકાઉન્ટન્ટો, વકીલો, એન્જિનિયર્સ વિગેરે પ્રોફેસનલોની માહિતી અને વિદેશમાં રહેતા NRI વિગેરેની વિગતો સાથેની ઈ-ડીરેક્ટરી પ્રગટ કરવાની પ્રક્રીયા હાથ ધરાયેલ છે અને તેમાંની કેટલીક વિગતો આ અંકમાં પ્રકાશીત કરેલ છે.

આપણે પણ ડિજિટલ પાટણ માટે પહેલ કરવી જ જોઈએ. ઈ-મેલ, SMS દ્વારા ઝડપી અને મૂલ્ય વગર સંપર્કમાં રહી શકાય છે. મંડળ પણ તે દિશામાં આગળ વધી રહેલ છે.

શ્રી પાટણ જૈન મંડળ વિવિધક્ષેત્રે નિર્માણ પામેલ સમાજ વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓનો અમલ કરી, અદ્‌ભુત અને અનેરા કાર્યો કરી રહ્યું છે. બદલાતા સમય અને સંજોગોનો અભ્યાસ કરી, દાતાઓના અમૂલ્ય દાન અને તેઓની ભાવનાઓને લક્ષમાં રાખી સંસ્થાએ પોતાની પ્રવૃત્તિઓ અને સહાયની દિશાઓને બદલાવ આપ્યો છે.

આપણે પણ ડિજિટલ પાટણનું સ્વપ્ન સાકાર કરી વહીવટી કામોમાં પારદર્શકતા લાવી સમય અને શક્તિ બચાવી શકશું! જે સૌના સહકાર થી જ સંભવી શકે.

❑ સંપાદક સમિતિ

## પાટણ જૈન મંડળનું સ્વપ્ન:

### ડિજિટલ પાટણ

**શક્ય યોજનાઓની રૂપરેખા**

૧. ડિજિટલ વસ્તીપત્રક
૨. પટ્ટણીઓની ઈ-ડિરેક્ટરી
(અ) ડૉક્ટરોની ઈ-ડિરેક્ટરી - જેમાં તેમની સ્પેશ્યાલિટી અને હૉસ્પિટલોને સંકળાયેલ માહિતી.
(બ) પ્રોફેશનલોની માહિતી - તેમના સોશિયલ અને કોર્પોરેટ સંસ્થાઓ સાથે સંકળાયેલ માહિતી.
(ક) પરદેશમાં રહેતા પટણીઓની ઈ-ડિરેક્ટરી.
૩. મંડળની સિદ્ધિઓ અને પ્રોગ્રામો દર્શાવતું વેબ પોર્ટલ.
૪. સમાજના લોકોને સમય પર સહાય મળી રહે તે માટે મોબાઈલ, એસએમએસનો ઉપયોગ.
૫. ઓડિયો વીડિયો સાધનો સાથે મીટિંગોમાં ચર્ચા-વિચારણા કરવા.
૬. રોજિંદા એડમીનીસ્ટ્રેશનના કાર્યોમાં ડિજિટલ ટેક્નોલોજી અપનાવવી પેપરલેસ સંસ્થાનો ખર્ચ ઘટાડવો.
૭. સમિતિઓના ઝડપી સંપર્ક માટે મોબાઈલ એપ્સ વાપરે.


### મકાન વેચવાનું છે

એક મકાન પાટણ કનાસાના પાડામાં ૧૨૦૦ સ્કે.ફીટ એક માળનું લાકડાના બાંધકામવાળુ મકાન વેચવાનું છે.

સંપર્ક:

મુંબઈ ફોન નં. 09821020902

પાટણ ફોન નં. 09376724659/09824067607

ADVT

### મકાન વેચવાનું છે

પાટણ શહેરના ત્રણ દરવાજા પાસે, મહાલક્ષ્મી માતાના મંદિરની બાજુમાં, શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયની નજીક સંપૂર્ણ સુવિધાસજ્જ ત્રણ માળનું મકાન વેચવાનું છે. રસ ધરાવનાર વ્યક્તિએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

ADVT

મો. ૯૪૨૭૪૯૧૬૯૧ ફોન : ૦૨૭૬૬-૨૩૩૭૮૪

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

તે માટે સૌનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**ડૉ. જીતેન્દ્ર શાહ - એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદના ડાયરેક્ટરે ''કર્મવાદના રહસ્યો'' પર તા. ૧૬-૮-૨૦૧૫ને રવિવારે પ્રવચન** માટે આપણા આમંત્રણનો સ્વીકાર કર્યો છે. તે ખરેખર આનંદની વાત છે. જૈનધર્મ વિશે એમને સાંભળવા તે પણ એક લ્હાવો છે.

**ઘણા સમયની રાહ જોયા પછી 'ટેલન્ટ પરેડ'નું આયોજન શનિવાર, તા. ૨૮-૧૧-૨૦૧૫ના રોજ કરવામાં આવેલ છે.** પાટણ સમાજના આ વિષયમાં રસ ધરાવતા સભ્યો તાત્કાલિક ફોર્મ ભરીને મંડળની ઓફિસમાં મોકલાવી આપશે એવી હું આશા રાખું છું.

શ્રી પાટણ જૈન મંડળની મેડીકલ તથા એજ્યુકેશન સમિતિ દ્વારા સમાજના પરિવારજનોની માંગણી અનુસાર આવતી સહાયની અરજીઓ તાત્કાલિક અથવા વધુમાં વધુ પંદર દિવસમાં મંજુર કરી રકમ ચૂકવામાં આવે છે. તદ્અનુસાર મેડીકલ સહાય રૂા. ૬.૪૦ લાખ, મેડીસીન સહાય રૂા. ૨.૩૩ લાખ તથા શિક્ષણ સહાય રૂા. ૨.૬૭ લાખ ઉપરાંત શૈક્ષણિક લોન રૂા. ૧૮ લાખ ચૂકવવામાં આવેલ છે.

**બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન દેરાસર ચેરીટેબલ ટ્રસ્ટે શ્રી પાટણ જૈન મંડળને વિવિધ** પ્રવૃત્તિઓ માટે દાન આપેલ છે. તેમાં રૂા. ૧૦ લાખ સાધર્મિક ભક્તિ ખાતે, રૂા. ૨૧ લાખ વિકલાંગ માટે તથા રૂા. ૫.૫૫ લાખ સિદ્ધહેમ જ્ઞાનપીઠ ખાતે આમ **કુલ રૂા. ૩૬.૫૫ લાખ આપવાની જાહેરાત કરી છે.** અમે ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટીઓનો અને ખાસ કરીને બાબુ ભરતકુમાર રાજેન્દ્રભાઈનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. **પાટણ સમાજની પ્રગતિ માટે તેઓ જે સાથ અને સહકાર આપી રહ્યા છે તે પ્રશંસનીય છે.**

**શ્રી પાટણ જૈન મંડળની ભવ્યાતિભવ્ય શતાબ્દી ઉજવણી માટે બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન દેરાસર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. એક કરોડ આઠ લાખની માતબર રકમની જાહેરાત કરેલ છે** જેનો ઉપયોગ પાટણના જૈન દેરાસરોના જીર્ણોદ્ધાર, સાધર્મિક ભક્તિ તેમજ જ્ઞાનખાતા વિગેરેમાં કરી શકાશે. તેમની આ સખાવત માટે અમો બાબુ ભરતભાઈ ઝવેરી, શ્રી પ્રદિપભાઈ ઝવેરી, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ, સૌ ટ્રસ્ટીગણના ખૂબ ખૂબ આભારી છીએ.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## FROM PRESDANT'S DESK... (Cont. from Page 1)

Our attempts to bring the members of our Samaj together for better fellowship and cooperation will continue and you will feel this difference due to active involvement of over 170 members. I am sincerely thankful to all the members who have joined our team. They are involved with their mind and heart. This I feel will prove to be the success for the progress of Samaj. **Our slogan of 'Sab ka Saath, Samaj ka Vikas' will not remain a slogan but will become a Work Mantra.**

I hope all the family members are reading **Pratibimb because there is something for Everyone,** including articles or brief summary in English. Current year will see several programs and we will continue to update everyone through the medium of Pratibimb.

First program of Jeevan Mahek was not only successful by itself but it is resulting in several meetings of the unmarried youth and even successful culmination of finding the **right *Jeevan Saathi*.**

We are fortunate that **Dr Jitendra Shah, Director of LD Institute of Indology, Ahmedabad** has kindly consented to address us on Sunday morning, 16th August on the important subject of Karma Principles.

After a long wait, Talent Parade is organised on Saturday, 28th November. I am sure that all members will take advantage of the same and fill up the form and immediately send their details to PJM.

It is absolutely heartening to inform you that in addition to the Programs undertaken by various committees, our priority work in giving financial reliefs for Educational, Medical and for Senior Citizens is proceeding well. For Medical Reliefs, we have already distributed Rs 6.40 lacs, Medicine Sahay Rs. 2.33 lacs and for Educational Reliefs, we have already distributed Rs 2.67 lacs and Educational Loan Rs. 18 lacs. **That too within a short period of 15 days. This shows the sheer dedication of all 170 members working in 30 Committees.**

A correction in the amount of donation declared by **Babu Amichand Panalal Adishwar Jain Temple Charitable Trust** is that they have promised so far Rs. 10 lacs towards Sadharmik Bhakti, total of Rs. 21 lacs towards Viklang and Rs. 5.55 lacs towards Siddhhem Gyanpith, **thus totaling Rs. 36.55 lacs, for which we are ever too grateful to the Trust Board and Babu Bharatbhai Rajendrakumar. We sincerely appreciate their wholehearted support and their Passion to help the Patan Samaj.**

❑ **Dinesh Shantilal Shah**

**Shree Patan Jain Mandal**

**Smt. Sushilaben Chandrakumar Manilal Jhaveri (Saheba) Sanskrutik Nidhi**

# ટેલન્ટ પરેડ

સમાજના ટીનેજર્સ અને યંગસ્ટર્સને મંડળ સાથે નાતો રહે તે માટે સંસ્થા સ્પોટર્સ અને સાંસ્કૃતિક પ્રોગ્રામોના આયોજન કરતી આવી છે. છેલ્લા ઘણા સમયથી ટેલન્ટ પરેડનું આયોજન શક્ય નહોતું બન્યું, તેને ધ્યાનમાં લઈ આ વર્ષે સમાજના દરેક ભાઈ-બહેનો ભાગ લઈ શકે તેવા ઉમદા હેતુથી આગામી મહિનામાં ટેલન્ટ પરેડનું આયોજન કરેલ છે.

દરેક વ્યક્તિમાં જુદી જુદી જાતની ટેલન્ટ રહેલી હોય છે. જો તે ટેલન્ટને બહાર લાવવાની તક કે મોકો મળે તો તે પોતાના પસંદગીના ક્ષેત્રે પ્રગતિ સાધી આગવું વ્યક્તિત્વ ઊભું કરી, જીવનને પ્રફુલ્લિત બનાવી શકે છે. શ્રી પાટણ જૈન મંડળની ટેલન્ટ પરેડ આવુંજ પ્લેટફોર્મ છે, જ્યાં સમાજ સમક્ષ તમે મુક્ત રીતે પોતાનામાં રહેલ ટેલન્ટ રજૂ કરી શકશો.

ખાસ કરીને બાળકો કે જે પોતાના જીવન ઘડતરના પ્રાથમિક તબક્કામાં છે તેઓને દરેક વાલીઓએ ભાગ લેવા તૈયાર કરવા જોઈએ. આ એક એવી ઉંમર છે કે જ્યારે પોતાના સંતાનને દરેક મા-બાપ જિંદગીમાં કાંઈક બનવા માટેની પ્રેરણા આપી અને બાળકમાં રહેલ છુપેલી કળાને પ્રોત્સાહન આપી તેને તે ક્ષેત્રે માહીર બનાવી શકે છે. આવા પ્લેટફોર્મ પરથી જ તૈયાર થઈ, કોઈ **દર્શીલ સફરી (તારે જમી પર) કે દેવ શાહ (chess માસ્ટર)** બની પોતાના કુટુંબનું અને સમાજનું નામ રોશન કરે છે.

**તો આવો દરેક પટ્ટણીઓને અમારુ ખાસ નિવેદન છે કે, આ વર્ષે તા. ૨૮ નવેમ્બર, ૨૦૧૫ના દિને યોજેલ ટેલન્ટ પરેડમાં ભાગ લઈ સમાજની સાંસ્કૃતિક અને કલાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે.**

તમારામાં રહેલ વિશિષ્ટ કલાકૌશલ્યને વાચા આપો. દરેક વ્યક્તિ પોતાના શિક્ષણ અને વ્યવસાય સાથે કોઈને કોઈક Hobby કે Talentને વિકસાવવાતા હોય છે. તેને વ્યવસ્થિત રીતે સમાજ સમક્ષ મૂકવા આ ઉમદા મંચ છે, માટે સૌને અનુરોધ છે કે આ તકને ઝડપી લઈ, સમાજ સમક્ષ રજુ કરે. **તમે જે આઈટમ રજૂ કરવા માગતા હોય તેનો વીડીયો, વોટ્સઅપ કે Pen drive દ્વારા મોકલી શકો છો જેથી Audition વખતે આપનો સમય બચે.**

ટેલન્ટ પરેડમાં ભાગ લેવા માટેનું ફોર્મ પાના નં. ૫ પર છપાયેલ છે તે ભરી ઝેરોક્ષ, ફેક્સ કે ઈમેલ દ્વારા મોકલી શકો છો.

# TALENT PARADE

Talent Parade is **Patan's Proud Moment.** Young and Old Alike will participate & display their unique Talent in front of our people.

Be ready to face the public. **Develop the Self Confidence and the Leadership Qualities.**

Display your Art, Abilities & Capabilities which make all Patanis proud of your Extra Curricular Activities. Display our Culture and the Rich Heritage that we have.

We invite One and All to Immediately prepare their item in Solo or in Group and **fill up the Entry Form which is printed in this Pratibimb. You can send your item through video, Whats App or Pen drive so that time for audition is minimized.**

## શુભ વિવાહ

**સંવત ૨૦૭૧ મહા વદ ૩ શનિવાર તા. ૭-૨-૨૦૧૫**

શ્રી સંજયભાઈ પ્રવીણચંદ્ર શાહના સુપુત્ર **ચિ. પ્રણય**

શ્રી અશોકકુમાર અમૃતલાલ શાહની સુપુત્રી **ચિ. પુજા**

(મારફતીયા મહેતાનો પાડો)

**સંવત ૨૦૭૧ વૈશાખ સુદ ૩, મંગળવાર તા. ૨૧-૪-૨૦૧૫**

શ્રી બીપીનભાઈ રતિલાલ શાહના સુપુત્ર **ચિ. નીરવ**

(મારફતીયા મહેતાનો પાડો)

શ્રી હીતેશભાઈ લલીતચંદ્ર શાહની સુપુત્રી **ચિ. તન્વી** (ખજુરીનો પાડો)


**પર્યુષણ પર્વમાં લાભ લ્યો**

જીવદયા, દાન દ્વારા જીવન ભર્યુ ભર્યુ બને છે. જીવદયામાં જેટલું આપશો તેટલું સાથે આવવાનું છે. જીવદયામાં દાન જગતનો પ્રાકૃત ધર્મ છે.

દાદર કબૂતર ખાના - દાદર, મુંબઈ - ૪૦૦૦૨૮

એક ગુણીના ૧૦૦૦/- દર મહિને એક ગુણી ૧૨૦૦૦/-

કાયમી તિથીથી ૫૧૦૦૦/- દૈનિક તિથીના ૧૦૦૦૦/-

**સંપર્ક : વર્ધમાન ન. શાહ**

22814211, 24306755, 982134433 ADVT



**૯૯ યાત્રા**

**સ્વ. માતુશ્રી કલાબેન અરવિંદલાલ શાહ**

(મારફતીયા મહેતાનો પાડો)ના સુપૂત્ર મીનેષ અરવિંદલાલ શાહની ૯૯ યાત્રા સાથે તેમના ઘરના સમસ્ત

માયા મિનેષ શાહ, મૈત્રી મિનેષ શાહ તથા કેતન મીનેષની ભાણી ફોરમ મનોજભાઈ શાહની પણ ૯૯ યાત્રા પૂર્ણ કરેલ છે.

તે બદલ દીપ મિનેષ શાહ પરિવાર તરફથી અભિનંદન

લિ. કલાબેન અરવિંદ શાહ પરિવાર ADVT

# Shree Patan Jain Mandal

## Talent Parade - 2015

### Smt. Sushilaben Chandrakumar Manilal Jhaveri (Saheba) Sanskrutik Nidhi

**Saturday 28-Nov-2015, 3 to 11 pm.** **Birla Matushree Sabhagruh, M Lines**

| | | | |
|---|---|---|---|
| Group A : | 3 to 12 years | Group C : | 26 to 40 years |
| Group B : | 12 to 25 years | Group D : | 41 & Above |

## Entry Form

**Name of Participant :**________________ **Vastipatrak Pg No :** ________

**Age as on 30-Nov-15 :** ________ **Yrs :** **Maholla :** ________________

**[Please Tick]** ✓

**Age Group :** A ☐ B ☐ C ☐ D ☐

**Name of Head of Group :** ________________ **Name of the Group :** ________

**Address :** ________________________________

________________________________

**Cell :** ____________ **Tel :** ____________ **E-mail :** ____________

**Type of Item :**

| | | |
|---|---|---|
| **1.0** | **Music :** | |
| 1.1 | Instrumental | ☐ |
| 1.2 | Songs / Bhajan | ☐ |
| **2.0** | **Dancing :** | |
| 2.1 | Solo / Duet / Less than 4 | ☐ |
| 2.2 | Group / Garba / Raas | ☐ |

| | | |
|---|---|---|
| **3.0** | **Acting :** | |
| 3.1 | Mono Acting | ☐ |
| 3.2 | Mimicry / Laughter | ☐ |
| 3.3 | Drama | ☐ |
| **4.0** | **Other :** | |
| 4.1 | Special | ☐ |

**Any Special Talent - Maths, Sanskrit, Proficiency in Languages, Religion etc at Young Age.**

**Describe your Item/Song/Raga :** ________________________________

**Time for item :**________ **Minutes.** ________________**Date :** ________

**Signature**

**Entry Fees : Rs 300/- per Head per Item. Decision of Judges is Final & Binding.**

**Notes :**

1 Only Patanis can participate.
2 Repetition of will not be allowed.
3 Items selected by Judge can't be changed for any reason.
4 **Last date of submission of Entry is 30-Sep-15.**
5 It is compulsory to give mobile and Landline Phone.
6 Audition date, time & venue will be informed by sms/phone.
7 Xerox of the Form is acceptable or download patanmandal.org from website.
8 Entry Form accepted at Marine Drive, Borivali & Goregaon PJM Office Only.
9 Form has to be completed in all respects.
10 Present only Unique Top Talents.

**Group Details :** **[Give Details of Other Persons in Group]**

| Name | Age | Cell | VP Pg No. |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |
| 6 | | | |

# શ્રી પાટણ જૈન મંડળ

## શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ માર્ક્સ મેળવવા બદલ તેમજ વિવિધ ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ બદલ ગુણવત્તાના ધોરણે અપાતા પારિતોષિકો

સમાજમાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું પ્રમાણ વધતું રહ્યું છે. એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ ડિગ્રી-ડીપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક શાખાઓમાં સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરીક્ષાઓમાં ઉચ્ચ ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી રહ્યાં છે. તેઓને બિરદાવવા અને તેમનું અભિવાદન કરવાની ભાવના સાથે શ્રી પાટણ જૈન મંડળે વિવિધ ફંડ યોજના દ્વારા તેમજ પોતાના ભંડોળમાંથી પારિતોષિક આપવાની યોજના બનાવી છે.

મંડળ તરફથી અપાતા વિવિધ મેરીટ પ્રાઈઝની વિગતો અત્રે રજૂ કરીએ છીએ. જેઓએ બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ સ્તરે માર્ક્સ મેળવેલ હોય, તેઓએ જરૂરી માહિતી ફોર્મ ભરીને, માર્કશીટની કોપી સાથે સંપૂર્ણ વિગતો ભરી મોકલાવી આપવા અનુરોધ છે. આ મેરીટ પ્રાઈઝ છે. તેથી સમાજના તમામ સ્તરના વિદ્યાર્થીઓ ગુણવત્તાના ધોરણે પારિતોષિક મેળવી શકે છે.

### MERIT PRIZES FOR S.S.C. ICSE OR CBSE OR EQUIVALENT EXAM

| | PRIZE NAME | ELIGIBILITY |
|---|---|---|
| 1. | Smt. Smitaben Vikramkumar Dawawala Marriage Prize | 1st Highest Mark |
| 2. | Shri Mohanlal Sakarchand Prize | 2nd Highest Marks |
| 3. | Shri Halabhai Maganlal Girls Student Prize | 1st Highest |
| 4. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 6. | Shri Harshit Bharatkumar Shah English Prize | Highest Marks in English Subject |
| 7. | Shri Harshit Bharatkumar Shah Science Prize | Highest Marks in Science Subject |
| 8. | Shree Patan Jain Mandal Additional Prize | 80% & up marks to all students |

### MERIT PRIZES FOR H.S.C. OR EQUIVALENT EXAM SCIENCE

| | | |
|---|---|---|
| 1. | Shri Sevantilal Kantilal Prize | 1st Highest Mark |
| 2. | Shri Nipun Kapurchand Sonawala Prize | 2nd Highest Marks |
| 3. | Smt. Jivibai Laherchand Kotawala Prize | 3rd Highest Marks |
| 4. | Shri Prvinchandra Chimanlal Kilachand Science Prize | Highest Marks in Science Subject |
| 5. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 6. | Shree Patan Jain Mandal Additional Prize | 70% & up marks to all students |

### COMMERCE

| | | |
|---|---|---|
| 1. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 1st Highest Mark |
| 2. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 2nd Highest Marks |
| 3. | Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize | Highest Marks in Account (B.K.) |
| 4. | Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Shree Patan Jain Mandal Additional Prize | 65% & up marks to all students |

### ARTS

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 66% & up marks to all students |

### MERIT PRIZES FOR COMMON-ENTRANCE EXAMS ENGG/MEDICINE-MERIT PRIZES FOR DEGREE COURSE STUDENT B.COM. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Com. Prize | 1st Highest Mark |
| 2. | Smt. Bhagwatiben Mafatlal (Babubhai) Shri Laxmichand Shah B.Com. Account Prize | Highest Marks in Account Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 60% up to marks to all students |

### B. Sc. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Sc. Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | 60% & up marks to all students |

### B.A. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all students |

### C.A. (FINAL) AND CS (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Shri Mafatlal (Babubhai) Laxmichand Shah Bhupendra & Parendra Chartered Accountant Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all students |

### MERIT PRIZES FOR POST GRADUATION STUDENTS (DEGREE COURSE) M.Sc. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Smt. Renukaben Pravinchandra Chimanlal Jhaveri Post Graduation Prize | 1st Highest Mark obtained by Girl Student |
| 2. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.COM. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## M.A. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## MERIT PRIZE FOR POST GRADUATION STUDENTS (DIPLOMA COURSE)

| | | |
|---|---|---|
| 1. | Shree Gulabchand Manilal Shah Diploma Management Prize | For Diploma in Management |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students in Diffierent Faculties |

## MEDICAL COURSES

### M.B.B.S. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Dr. Vijay Jayantilal Patani Marriage Medical Prize | Highest Mark |
| 2. | Dr. Dhiren Ramanlel Shah Medical Prize | Highest Mark |
| 3. | Shri Jayantilal Chandulal Shroff Memorial Prize | Highest Mark |
| 4. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### M.S. (ANY FACULTY)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### M.D. (GENERAL MEDICINE)

| | | |
|---|---|---|
| 1. | Dr. Jayantilal Chandulal Shroff Memorial Medical Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### M.S. (ANY FACULTY)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### B.D.S. (DENTIST)

| | | |
|---|---|---|
| 1. | Smr. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### M.D.S. (DENTIST)

| | | |
|---|---|---|
| 1. | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### B.H.M.S./L.C.E.H. (HOMEOPATHY)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

### G.F.A.M. (AYURVEDIC)

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

## ENGINEERING COURSES

| | | |
|---|---|---|
| 1. | Shri Hasmukhbhai Balubhai Shah Engineering Prize | Highest Marks in Any Faculty of Engineering |
| 2. | Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize | Engineering Graduation or Equivalent Exam |
| 3. | Shri Balubhai Nanalal Shah Electronic Technical Prize | Electronic or Technical Study on Merit Basis |
| 4. | Shri Bhikhachand Godadchand Public Charitable Trust Technical | Prize For Technical Study |
| 5. | Smt. Chandanben Maneklal Bhikhachand Prize | Girls Student for Technical Study on Merit |
| 6. | Smt. Ashrumati Kantilal Kapadia Prize | Any Faculty of Engineering Exam on Merit |
| 7. | Shree Gulabchand Manilal Shah Software Technology Prize | For Software Technology Study |
| 8. | Smt. Ramaben Jayantilal Fatehchand Shah Prize | For Architect Study |
| 9. | Shree Patan Jain Mandal Prize | To all Students of any Fculties of Eng. Exam |

## MASTER OF BUSINESS ADMINISTATION (M.B.A.)

| | | |
|---|---|---|
| 1. | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | Highest Marks obtain in M.B.A. or M.M.S. |

## MASTER OF MANAGEMENT STUDIES (B.M.S.)

| | | |
|---|---|---|
| 1. | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | Highest Marks obtain in B.M.S. |

## MISCELLANEOUS

### HUNNAR UDYOG

| | | |
|---|---|---|
| 1. | Smt. Jasudben Fatehchand Lallubhai Prize | Technical-Trade Course of Hunner Udyog |

### PERFORMING ARTS

| | | |
|---|---|---|
| 1. | ShrI Fatehchand Lallubhai Shah Lalitkala Promotion Prize | Specific Achievement in Performing Arts |

### SPORTS

| | | |
|---|---|---|
| 1. | Shri Sadhanaben Mahendrakumar Popatlal Shah Sports Prize | Best Performance in Organised Sports Competition |

### RELIGIOUS STUDY

| | | |
|---|---|---|
| 1. | Smt. Taraben Manilal Gabhruchand Shah Dharmik Prize | Highest Marks obtained in Religious Examination conducted by Jain Organisation |
| 2. | Shri Fatehchand Lalubhai Shah Sport Prize | Best Performance in Cricket, Indoor Outdoor game of Any Specific Sports |

# શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

મેઘાગમનની સાથે મનશુદ્ધિ પર્વનો અવસર દર વર્ષે આવે છે જેમાં જપ-તપ-ધર્મસાધના કરી અંતરને નિર્મળ બનાવાય છે. ચાલુ સાલે પણ ચાતુર્માસ દરમ્યાન સમકિત **જ્ઞાન શ્રવણ કરી આપણે આત્મશુદ્ધિ કરશું.** આવા મંગલમય અવસરે **સેજલબેનનું ભક્તિ સંગીત** તથા **ડૉ. જીતેન્દ્રભાઈ શાહ**, Director of L D Institute of Indology, Ahmedabad દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે.

**રવિવાર, તા. ૧૬-૮-૨૦૧૫ : સવારે ૯.૧૫ કલાકે**

**ભક્તિ સંગીત : સેજલબેન અને સાથી કલાકારો**

**વ્યાખ્યાન : સવારે ૧૦.૦૦ કલાકે**

**કર્મવાદના રહસ્યો**

**સ્થળ : હિન્દી વિદ્યાભવન સભાગૃહ**
**૭૯, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦**

# Shri Popatlal Bhikhachand Smruti Vyakhyan on Sunday, 16th August

**Venue :**
**Hindi Vidya Bhavan School, Marine Drive**
**Time : 9.15 am**

We have unique opportunity to hear **Dr. Jitendrabhai Shah** who is most renowned Scholar of Jainism. He is specially coming from Ahmedabad to be with us on this Sunday morning. He is Director of **L D Institute of Indology, Ahmedabad.** This is a lifetime opportunity to hear him and we should not miss this.

**He will enlighten us on *'Karmavad na Rahasyo'***

## ડૉ. જીતેન્દ્રભાઈ શાહ વિશે...

જેઓની ઉપલબ્ધિઓ અનેક છે એવી વિશેષ વ્યક્તિને સાંભળવી એ એક અમૂલ્ય લ્હાવો છે, શિક્ષણ ક્ષેત્રે હંમેશા ગોલ્ડ મેડાલિસ્ટ રહેનાર ડૉ. જીતેન્દ્રભાઈએ બનારસ હિન્દ, યુનીવર્સિટીમાંથી પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

દેશની વિવિધ ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવચનો આપ્યા છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત ભાષામાં ૭૮થી વધુ સંશોધન - લેખો વિવિધ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયા છે.

**સને ૧૯૯૨માં શિકાગો, અમેરિકામાં યોજાયેલ વિશ્વધર્મ પરિષદમાં જૈનધર્મના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા** અને ભારતવતી જૈન ધર્મનું ઐતિહાસિક પ્રતિનિધિત્વ તેઓએ કરેલ હતું. આ ઉપરાંત ઈંગ્લેંડ તેમણે જર્મની, જાપાન, પેરુ, બ્રાઝિલ, આર્જેન્ટિના, ચીલી, ઓસ્ટ્રીયા, નેપાલ, થાઈલેન્ડ, તિબેટ અને ઓસ્ટ્રેલિયાની ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લીધી છે. યુ.એસ.એ.ના વિવિધ જૈન સેન્ટરોમાં પ્રતિવર્ષ પર્યુષણ પર્વ દરમ્યાન જૈનધર્મને લગતાં પ્રવચનો આપવાનો ક્રમ તેમણે ૧૯૯૨થી જાળવી રાખ્યો છે. **આ માટે અત્યાર સુધીમાં ૧૯ વખત યુ.એસ.એ.ની મુલાકાત લીધી છે.**

**ભારતભરમાં Manuscriptsના નિષ્ણાંત** તરીકે પંકાયેલા એવા ડૉ. જીતેન્દ્રભાઈનું યોગદાન અતિ મહત્વનું રહેલ છે. એલ. ડી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજીની શરૂઆત ૧૯૫૬માં ૭,૦૦૦ હસ્તલિખિત પ્રતો અને ૧,૬૦૦ પુસ્તકોથી થઈ હતી, તેમાં આજે ૭૫,૦૦૦ હસ્તપ્રતો અને આશરે ૪૫,૦૦૦ પુસ્તકો છે.

## વ્યાખ્યાનનો વિષય... કર્મવાદના રહસ્યો...

મનુષ્ય જીવન અનેક વિચિત્રતાઓથી ભરેલું છે. સંસારમાં પણ અનેક સમસ્યાઓ દ્રષ્ટિગોચર થાય છે. આ સંસારમાં કોઈક ધનવાન હોવા છતાં દુ:ખી છે, કોઈક નિર્ધન હોવા છતાં સુખી છે, કોઈક ખાઈને બીમાર પડી જાય છે, કોઈક ખાધા વગર દિવસો સુધી રહી શકે છે. કોઈક રંકમાંથી રાજા બને છે અને કોઈક સર્વોચ્ચ પદથી ભ્રષ્ટ થઈ સહુના તિરસ્કારનો ભોગ બને છે. કોઈક કામ કર્યા વગર અઢળક સંપત્તિનો સ્વામી બની જાય છે અને કોઈક સખત મહેનત પછી પણ માંડ ખાવાનું પામે છે. આવી વિચિત્રતાઓનું કારણ શું હોઈ શકે ? તે અંગે અનેક ચિંતકોએ વિચાર કર્યો છે. **ભારતના દરેક ધર્મોએ તેનું કારણ કર્મ માન્યું છે, પણ જૈન ધર્મે આ અંગે ખૂબ જ ઊંડું ચિંતન કર્યું છે. જૈન ધર્મનો કર્મનો સિદ્ધાંત અત્યંત સૂક્ષ્મ, ગહન અને વિસ્તૃત છે, તેમ છતાં સચોટ છે.** જેમણે આ કર્મવાદના રહસ્યો જાણ્યા છે તે વિશ્વની વિચિત્રતાઓથી વિસ્મિત થતો નથી. તેમજ જીવનમાં ઊભી થતી સમસ્યાઓથી વિષાદ અનુભવતો નથી. સમસ્યાઓથી ગભરાતો નથી, પરંતુ તે સમસ્યાઓના અગમ્ય કારણોને શોધવાનો પ્રયત્ન કરે છે. **દુ:ખ અને પીડાને બદલે સમતાપૂર્વક કર્મ ક્ષય કરી સૌ જીવનને વધુ શાંત, સમતામય અને આનંદિત બનાવી શકે છે.** વિશ્વની વિચિત્રતાઓની પાછળ રહેલા કર્મવાદના રહસ્યને જાણવા તથા સમજવા માટે આ વ્યાખ્યાનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આપ સહુને પધારવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

❑ **પ્રોગ્રામ સમિતિ**

# સ્નેહ મિલન, ભાયંદર

# Sneh Milan at Bhayander



ઉપસ્થિત શ્રોતાગણ



ઉપપ્રમુખ
દાનેશભાઈ માટલીવાળા



માનદમંત્રી
નિખિલભાઈ બેન્કર




સમિતિના સભ્ય
દેવેશભાઈ શાહ

પાટણ સમાજની ઉન્નતિને લક્ષમાં રાખી સેવા અને ઉત્પાદન ક્ષેત્રે સહાયક થવા અને પટ્ટણીઓને સ્વાવલંબી બનાવવા સમિતિએ શુભ શરૂઆત રૂપે દહીંસરથી પાલઘરના રહેવાસીઓ માટે **૨૮મી જૂન, ૨૦૧૫ના રોજ ભાયંદર 'સદાનંદ વેજ પાર્ટી હોલ' ખાતે સુંદર અને સફળ સ્નેહ મિલનનું આયોજન કરેલ.** બહોળી સંખ્યામાં ઉપસ્થિત પટ્ટણીઓને તેમાં પણ ખાસ કરીને, યુવા વર્ગને તેમનામાં રહેલ શક્તિને જાગૃત કરવાનો કઠીન પણ આવશ્યક પ્રયાસ સંસ્થાના ચાર ઉપપ્રમુખોની હાજરીમાં પહેલી વખત થયો. સમાજના હોદ્દેદારોની દીર્ઘદ્રષ્ટિ, લાગણી અને સક્રિય કાર્યકર્તાઓની મહેનતથી, ઉપસ્થિત પટ્ટણીઓની અંદરમાં ધરબાયેલ લાગણીઓને સાચી વાચા મળી. ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહે સ્વાવલંબન બાબતની ખરી સમજ આપતા અને ઉપપ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાળાની ઉત્પાદન અને સેવા બાબતની સમજથી હાજર રહેલ શ્રોતાગણ મંડળની આ પ્રાધાન્યતાને લીધે સંતોષ પામ્યા.

શ્રી નિખિલભાઈ બેન્કર દ્વારા કાર્યક્રમનું સંચાલન એકદમ સરળ અને રસપ્રદ શૈલીથી સફળ થયેલ. એ સાથે સ્વાવલંબી બનવા ઉત્પાદન અને સેવા માટે જરૂર પડતા ફાયનન્સ અર્થે લાગતા પરીબળોની સમજ શ્રી દેવેશભાઈ શાહ તેમજ માર્કેટીંગને લગતા પાસાઓને યુવા કાર્યકર્તા શ્રી ભાવીકભાઈ શાહે બહુખુબીથી રજૂ

A get-together of Patanis from Bhayander to Virar was successfully organised on Sunday morning, 28th June. The meeting was also well attended by 4 Vice Presidents, 2 Administrative Secretaries and members of our Social & Economic Up-liftment Committee. Thus the great importance given by the Mandal was seen from high Attendance and Commitment of the Mandal Office Bearers on that Sunday morning.

All resident members showed their willingness to put in greater efforts and argument their income in addition to their daily routines, so that they can live comfortably. Shri Deepakbhai Revantilal explained that since unfortunately the inflation will make day to day living costlier every year, what is in our hands is to increase our income levels. For this, the Mandal along with our Patan Bank is ever ready to **support and promote Higher Education, Skilled Development and Entrepreneurship.**

Shri Nikhil Banker anchored the whole meeting in a very interesting and lucid manner. Shri Daneshbhai Matliwala talked about how to start Small Scale Industry. Shri Devesh Shah explained the importance







ઔપચારિક વાર્તાલાપ

કરી, શ્રોતાગણમાં ઉત્કંઠા જાગૃત કરી દીધેલ. વસઈ રહેતા શ્રીમતી ભૂમિકાબેને પોતાનું પ્રત્યક્ષ ઉદાહરણ રજૂ કરી હાજર રહેલાઓને તેમ જ કાર્યકર્તામાં ચેતનાનો સંચાર કર્યો હતો.

સંસ્થાના પ્રથમ ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તેમજ ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ ઝવેરીએ હાજર રહેલ દરેકના પ્રશ્નો તેમ જ સ્વપ્નાઓને સમજવાની સાથે, ઉત્તરો આપી દરેકનો આત્મવિશ્વાસ વધારી દીધેલ. હાજર રહેલ સભ્યોએ સંસ્થા દ્વારા અપાયેલ ફોર્મમાં ભરેલ વિગતોનો અભ્યાસ કરી, જરૂર મુજબ ગાઈડલાઈન નક્કી કરવા તેઓને ૨૦ જુલાઈ, ૨૦૧૫ના રોજ બોલાવવામાં આવ્યા. ભાયંદર ખાતે સુંદર આયોજન માટે સક્રિય કાર્યકર્તા શ્રી નીલેશભાઈ કાંતિલાલનો તેમજ સ્ટાફના સભ્યોનો ખાસ આભાર માન્યો હતો.

of finance and accounting, while Bhavik Shah explained the importance of up-liftment and vital role of marketing. The live example of **Mrs Bhumika Shah of Khetarpal no Pado** as the business woman impressed everyone.

All members present filled up the detailed Form which was analysed on the spot and individual meeting took place between the members and the Mandal Office Bearers. This would be further followed up for action and a joint meeting between these members was held on Monday, 20th July. It is hoped that this very first meeting will result into making our members economically stronger. **This is our Endeavor and Commitment.**

**- Social & Economic Up-liftment Committee**

---

# From 100 sq.ft. to 5,000 sq.ft. in 4 years !!

We are indeed proud of the achievements of Mrs. Bhumika **Shah daughter of Mr. Pravin P. Shah, Khetarpal no Pado,** who is a successful Businesswoman, having achieved distinguished and outstanding results in a span of last 4 years.

Mrs. Bhumika was brought up in Vasai with her schooling over there and had ambitious plans and determination that she would want to achieve something in life. She did her B.A from Mithibhai College, Vile Parle, worked as a Sales Representative in Shopper's Stop and various other retail outlets. Slowly and gradually built up her career by her sweet, sincere and convincing talks with all clients.



One of such customer saw her ability and potential to sell and asked her if she would change her job and take up a more challenging assignment of selling imported branded Italian furniture of which she had no experience. However, Mr. Yash Birla could foresee her truthfulness and success and gave her the job. After that, she joined India's Top Most Architect Mr.Pinakin Patel where she learned actually how to design and manufacture good quality furniture. She had to give up her job due to maternity leave but as destiny would have it, she was asked by one customer to make some furniture for him in 2011 when she established her firm **BMJ Designs**.

From 100 ft2 of rented workshop, 2 carpenters and no knowledge of carpentry or business nor having any financial backing, she jumped into it. Her vision, dedication and confidence in herself soon turned this into a profitable venture and she won a lot of accolades and applause.



In the span of 4 years, she had also designed furniture for lots of high end residential projects, Banks, industrialists and **celelebrities** too. In an international competition in Dubai in 2015, she also won the first prize for her innovative ideas in furnishing and has also won a huge contract for furniture for New **Le Meridian Hotel** being setup at Bhutan, where she will be sending 400 pcs of loose furniture from India.

Performance always comes through passion and not from pressure. **"Be passionate, Love what you do and do what you Love" is her motto & work ethics.**

**Kudos to her and her Spirit !**

**- Social & Economic Up-liftment Committee**

# સ્મૃતિ વંદના કાર્યક્રમ અહેવાલ ૧૨-જુલાઈ અને ૧૯-જુલાઈ



ઉપસ્થિત વરિષ્ઠજનો



દીપ પ્રાગટ્ય કરતા દાતા પરિવાર તથા શ્રેષ્ઠીઓ

સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના વરિષ્ઠજનો એક સ્થળે મળે, જુના સંસ્મરણો વાગોળે અને ઉલ્લાસ-ઉમંગમાં સમય વ્યતિત કરી શકે એવા શુભ આશયથી શ્રી પાટણ જૈન મંડળની જીવન સૌરભ સમિતિની રચના કરવામાં આવી હતી.

જીવન સૌરભ સમિતિ દ્વારા સાઉથ મુંબઈમાં રહેતાં સમાજના ૬૫ વર્ષથી વધુ વયના સિનિયર સિટિઝનો માટે તા. ૧૨-૭-૨૦૧૫ના રવિવારના રોજ ગરવારે ક્લબહાઉસ, ચર્ચગેટ તથા સબર્બન વિસ્તારના સિનિયર સિટિઝનો માટે જલારામ હોલ, વિલેપાર્લા ખાતે તા. ૧૯-૭-૨૦૧૫ના રવિવારના રોજ ગીત સંગીતનો કાર્યક્રમ આયોજીત કરાયો હતો.

## જીવન સૌરભ - પ્રથમ કાર્યક્રમ તા. ૧૨મી જુલાઈ

સામાન્યપણે પોતાના મકાનના કમ્પાઉન્ડથી બહાર નહીં જનાર વડીલોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારેલ. ૬૫થી ૯૦ વર્ષના વડીલોની ઉપસ્થિતિ અને તેમાં પણ વ્હીલચેર કે લાકડીનો સથવારો લઈને પણ આ પ્રોગ્રામમાં આવવાની ઉત્સુકતા, સૌ કોઈનું વિશેષ ધ્યાન ખેંચતી હતી.

કાર્યક્રમનો નિયત થયેલ સમય ૯.૩૦ વાગ્યાનો હતો તેમ છતાં અનુસાશનમાં માનનારા અને સૌને મળવાનો ઉત્સાહ અને પ્રોગ્રામને શરૂઆતથી મ્હાણવાની ઉત્કંઠા ધરાવતાં આપણા વડીલો ૯.૦૦ વાગેજ મોટી સંખ્યામાં આવી ગયા હતા.

શરૂઆતમાં કોમ્પેરર શ્રીમતી રેખા વિરાએ પધારેલ સૌને હર્ષભેર વધાવેલ. ત્યારબાદ શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ દ્વારા નવકાર મંત્રનો ઉચ્ચારણ કરવામાં આવેલ. બાદ સંગીતના તાલે મૃદુલાબેન દેસાઈ અને વૃંદ દ્વારા જુના અને પ્રસિદ્ધ ગીતોની રમઝટ ચાલી હતી, જેને સૌ કોઈએ માણી હતી.

ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ તથા હોદ્દેદારો તેમજ દાતા પરિવારના શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ, શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ શાહ તથા તેમના પરિવારજનો બાબુ ભરતભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી, સમાજના સિનિયર શ્રેષ્ઠીવર્યો શ્રી જે.પી. શાહ, શ્રી જે.કે. શાહ, શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ જીવન સૌરભના ઉપપ્રમુખશ્રી યશવંતભાઈ ઝવેરી અને માનદ્‌મંત્રીઓ શ્રી ભરતભાઈ શાહ, શ્રી હિતેનભાઈ વીમાવાળા, શ્રી જયેશભાઈ શાહ ઈત્યાદિ દ્વારા દિપ પ્રાગટ્ય કરી આજના આ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

ધર્માનુરાગી અને ધર્મઅભ્યાસી એવા શ્રીમતી કલ્પનાબેને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જીવન પ્રસંગોની સવિસ્તાર છણાવટ સંપૂર્ણ યાદશક્તિથી પોતાની આગવી શૈલીમાં રજૂ કરતાં હાઉસમાં બેઠેલા સૌ કોઈ ધર્મમય માહોલમાં ગરકાવ થઈ ગયા હતા. એમનું કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જીવનચરિત્રની રજૂઆત આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. **શ્રીમતી કલ્પનાબેન**ના હૈયાના ઉદ્‌ગારો સાંભળી સૌ શ્રોતાજનો ભાવવિભોર થયેલ અને ઉભા થઈ (stantding ovation) આપતા તાળીઓના ગડગડાટ સાથે આખો હોલ ગુંજી ઉઠ્યો હતો.

ત્યારબાદ જેનો સૌને તાલાવેલી હતો તેવો **આજનો વિશેષ કાર્યક્રમ 'પાટણ ગૌરવ ગાથા' ડોક્યુમેન્ટરી ફિલ્મ એલઈડી સ્ક્રીન પર રજુ કરવામાં આવી હતી** જેના પ્રથમ ચરણમાં અણહિલપુર પાટણની સ્થાપના પછીનો રાજકીય ઈતિહાસ, મહારાજા કુમારપાળ અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના જીવનચરિત્રના પ્રસંગો, શિલ્પ સ્થાપત્યના નમુનારૂપ વર્લ્ડ હેરીટેજમાં સ્થાન પામેલ પાટણની રાણકીવાવ, સંસ્થા દ્વારા સંચાલિત સાર્વજનિક શાળા, કૉલેજ, અતિથિગૃહ તેમજ પાટણ પાંજરાપોળ, કનાસા કલ્યાણકેન્દ્ર, પાટણ જૈન ભોજનશાળા, વર્તમાન પાટણની રૂપરેખા, શહેરની પ્રગતિનો ચિતાર અને તેના વિકાસમાં પાટણના શ્રેષ્ઠીઓનું યોગદાન જેવી રસપ્રદ માહિતીનો સમાવેશ કરાયો હતો.

રાજકીય, ધાર્મિક ઈતિહાસ તેમજ પોતાની જન્મ-કર્મભૂમિના સંસ્મરણોને વાગોળતા સૌ સિનિયર સિટિઝનોના 'હૈયા હિલોળે ચઢ્યા'. જાણીતા ગીત અને સ્તવનોને આ સીડીમાં સુંદર રીતે મઢી રજૂ કરાયા હતા, તે સૌ કોઈના મુખે ગુંજતા થઈ ગયા અને તેમાંય **''તમે એકવાર પાટણ જાજોરે...''** ગીત વન્સમોર થતાં તેને ફરી વખત સંભળાવવામાં આવ્યું હતું. (આ સંપૂર્ણ ગીતનું આલેખન અહીં અન્યત્ર આપવામાં આવેલ છે.)

પાટણ ગૌરવ ગાથાનો ભાગ ૧ પુરો થતાં બન્ને પ્રોગ્રામનું આયોજન જેઓની સ્મૃતિમાં થયું હતુ એવા **માતુશ્રી જાસુદબેન**



ઉપસ્થિત વરિષ્ઠજનો



બાબુ ભરતકુમાર ઝવેરીનું પ્રમુખશ્રી દિનેશભાઈ દ્વારા બહુમાન



મંડળના હોદ્દેદારો

**મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર** (ભાભાનો પાડો)ના પુત્રવધૂ શ્રીમતી પુષ્પાબેન નવનીતભાઈ શાહનું શ્રીમતી તરૂલતાબેન નવીનચંદ્ર શાહ અને મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ દ્વારા તેમજ શ્રી નરેશભાઈનું બાબુ ભરતકુમાર રાજેન્દ્રભાઈ ઝવેરી દ્વારા શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ આપી બહુમાન થતા, સૌએ તાળીઓથી વધાવી લીધા હતા. આ ઉપરાંત શ્રીમતી જયશ્રીબેન, શ્રીમતી સૂર્યબાળાબેન, શ્રીમતી સરલાબેન, શ્રી હર્ષદભાઈ સંઘવી, શ્રીમતી ભાવનાબેન, શ્રી કમલભાઈ, શ્રીમતી પુજાબેન વિગેરેનું ૯૬ વર્ષના જૈફ અને વયોવૃદ્ધ શ્રી પનાલાલ અંબાલાલ (કલક્તાવાળા), શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ, શ્રી ચંપકભાઈ કેશવલાલ વિગેરે દ્વારા પુષ્પગુચ્છ એનાયત કરી બહુમાન કરાયું હતું.

ત્યારબાદ **પાટણ ગૌરવગાથા ડોક્યુમેન્ટરી તૈયાર કરનાર મે. નેહજ એન્ટરપ્રાઈઝ**ના શ્રી જયેશભાઈ તથા શ્રી રાજુભાઈ, તેમાં સહયોગી એવા પાટણના જ ગાયિકા **શ્રીમતી સેજલબેન અક્ષયભાઈ તથા કુમારી હાર્વી જયેશભાઈ શાહ** તેમજ આજનો ગીત - સંગીત કાર્યક્રમ રજુ કરનાર **શ્રીમતી મૃદુલાબેન દેસાઈ, સંચાલિકા શ્રીમતી રેખાબેન વીરાનું અભિવાદન પુષ્પગુચ્છ દ્વારા, શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર ઝવેરી (સાહેબા) અને હોદ્દેદારો તરફથી કરાયુ હતું.**

બહુમાન સમારંભ સમયે પ્રાસંગીક પ્રવચનમાં સંસ્થાના **ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ શાહે** દાતા પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું કે ધંધૂકામાં જન્મ પામેલ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની કર્મભૂમિ, ધર્મભૂમિ અને કાળધર્મની ભૂમિ પાટણ હતી જેનું આપણને સૌને ગૌરવ છે.

**જીવનસૌરભ એક સમિતિ નથી પણ જીવતું જાગતું પુણ્ય ઉપાર્જન કરવાનું એક મંચ છે. તેમાં શ્રવણ તરીકે કાર્ય કરવાની મંડળના સભ્યોને તક મળી છે.**

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ સઘળો ખર્ચ દાતાશ્રીએ ઉઠાવ્યો હોવાથી મંડળને કોઈ આર્થિક બોજો ઉઠાવવાનો નથી. આગામી મહિનાઓમાં પ્રોગ્રામ કરવા છે જેમકે **શનિવાર, ૧૦ ઓક્ટોબરે, પાર્લામાં જશોદા રંગમંદિરમાં દાંડિયારાસની રમઝટનો પ્રોગ્રામ.** તેમજ આખા સમાજના પુણ્યવર્ધક એવો **નવકારમંત્રનો સામુહિક જાપનું આયોજન રવિવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૧૬ના** સવારે યોગી સભાગૃહ, દાદર ખાતે છે જેમાં પ્રખ્યાત **શ્રી જયંતભાઈ રાહી,** હાથમુદ્રા સહિત અસરકારક જાપ કરાવશે. આ બન્ને કાર્યક્રમના ખર્ચને પહોંચી વળવા રૂા. બે લાખના ઘણા સ્પોન્સરોની જરૂરત પડશે તેમાં આર્થિક સહયોગ આપવા અપીલ કરી હતી. વધુમાં **રવિવાર, ૧૬ ઑગસ્ટે ''કર્મવાદના રહસ્યો''** પર વ્યાખ્યાનનું આયોજન છે. જેમાં નિષ્ણાત **ડૉ. જીતેન્દ્રભાઈ શાહ** ખાસ અમદાવાદથી પધારશે.

**સંસ્થાની શતાબ્દીની ભવ્ય ઉજવણી નવેમ્બર ૨૦૧૬માં કરવાનું નિર્ધારેલ છે,** જેના વિશાળ ખર્ચ માટે યથાશક્તિ યોગદાન મેળવવાના પ્રયત્નો આરંભાઈ ગયા છે.

જે રજૂઆતને સમર્થન આપતા તત્ક્ષણ આજના આ ભાવવિભોર માહોલ તેમજ સંસ્થાની પ્રવૃત્તિઓના પ્રભાવથી જૈન ધર્માનુસાર અને શાસ્ત્રોની આજ્ઞા અનુસાર મંડળની પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થવાની ભાવના સાથે પ્રેરાઈ **બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન દેરાસર ટ્રસ્ટના** ટ્રસ્ટીશ્રીઓ બાબુ ભરતભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી, શ્રી પ્રદિપભાઈ ઝવેરી, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ દ્વારા **મંડળમાં રૂા. ૧ કરોડ અને ૮ લાખની સખાવત આપવાની જાહેરાત સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે કરતાં હાઉસ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યુ હતું.** આ પ્રસંગે બોલતાં બાબુ ભરતભાઈએ જણાવ્યું હતું કે, અમો સૌ પટ્ટણીઓની અને પાટણ જૈન મંડળની હંમેશા સાથેજ છીએ અને સંસ્થાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહીત કરવા હંમેશા તત્પર રહીશું. મંડળ સુંદર આયોજનો અને સારી પ્રવૃત્તિઓ વખતે અમોને યાદ કરશે તો અમો સંપૂર્ણ આર્થિક સહયોગ આપતા રહીશું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મજકૂર રકમનો ઉપયોગ શાસ્ત્રાનુસાર રહેશે.

**તેમજ આજના કાર્યક્રમના સૌજન્ય દાતા શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ દ્વારા મંડળની શતાબ્દીની ભવ્ય ઉજવણી પ્રસંગે રૂા. ૧૧ લાખના દાનની જાહેરાત કરવામાં આવેલ** જેને ઉપસ્થિત સર્વે સદસ્યોએ હર્ષભેર વધાવી લીધેલ.



સૌજન્ય દાતાશ્રી નરેશભાઈનું
શાલ ઓઢાડી સન્માન કરતા બાબુ ભરતકુમાર ઝવેરી



શ્રી હેમચંદ્રાચાર્યજીનું જીવન ચરિત્ર રજૂ કરતા
સ્ટેન્ડિંગ ઓવેશન આપતા શ્રોતા જનો



શ્રીમતી કલ્પનાબેન
વિરેન્દ્રભાઈ શાહ
(તા. ૧૨-૭-૨૦૧૫)

પાટણ ડોનર્સ ફાઉન્ડેશન દ્વારા ફેબ્રુઆરીમાં કુમાર ચેટર્જીનો જૈન મંત્રો સાથે મ્યુઝિકના પ્રોગ્રામની આયોજનની ભાવના છે. જેમાં વાર્ષિક રૂા. ૧ લાખ કે તેથી વધુ રકમનું દાન નોંધાવનાર દાતાઓને આમંત્રણ આપવામાં આવશે.

બહુમાન સમારંભ પુરો થયા બાદ પાટણ ગૌરવગાથા ભાગ બીજો રજુ કરવામાં આવ્યો હતો. આ ભાગમાં પ્રાચીન જીનાલયોનો ઈતિહાસ તેમજ જીનાલયોની ભાવયાત્રાની ઝાંખી દર્શાવતા સિનિયર સિટિઝનો ધર્મમય માહોલમાં ઓતપ્રોત બની ગયા હતા. હાઉસમાંથી આ દરમ્યાન પ્રભુજી સમક્ષ **'ચામર નૃત્ય'** કરી પ્રભુ ભક્તિ કર્યાનો સંતોષ પણ માણ્યો હતો. અને છેલ્લે રજુ કરાયેલ ગીત, **'ચીઠ્ઠી આઈ હૈ વતન સે ચીઠ્ઠી આઈ હૈ.'** એ રજુઆત દરમ્યાન વતનને યાદ કરતા ઘણાના આંખોમાં ઝળઝળિયા આવી ગયા હતા.

જીવન સૌરભ સમિતિના માનદ્‌મંત્રી **શ્રી ભરતભાઈ કાંતિલાલ** દ્વારા પોતાના વક્તવ્યમાં અત્રે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે વરિષ્ઠજનો પ્રત્યે આદર સાથે આભાર વ્યક્ત કરેલ. ઉપરાંત સમિતિના સર્વે કાર્યકરો અને સંસ્થાના કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા લીધેલ જહેમત બદલ બીરદાવેલ. કાર્યક્રમ પૂરો થયા બાદ દરેક વડીલજનોને સુખરૂપ ઘરે પહોચવા ટેક્ષીની સૌ પ્રથમ વખત જ ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેનો અરસપરસ ચાર જણાઓ ભેગા મળી લાભ લેવા માટે કાઉન્ટર પરથી દરેકના વિસ્તાર અનુસારના ટેક્ષીભાડાની રકમનો પાઉચ આપવામાં આવેલ, જે સૌથી છેલ્લા ઉતરનાર સદસ્યએ ટેક્ષી ડ્રાઈવરને આપી દેવાનો હતો.

ત્યારબાદ પુનઃ મૃદુલાબેન દેસાઈના મધુર કંઠે ગુજરાતી ગીતોની મેલડી રજૂ કરવામાં આવેલ. અંતમાં તેમના સાથી કલાકાર દ્વારા ''કીસી કી મુસ્કુરાહટો પે હો નીશાર, કીસીકા દર્દ મીલે...'' રજૂ કરાતાં સૌના હૃદય જીતી લીધેલ.

સમારંભના અંતમાં પુરણપોળી ને ડપકાની કઢીના મનભાવન ભોજનીયાનો રસાસ્વાદ માણતા માણતા વડીલો આજના ઉત્તમ કાર્યક્રમના અરસપરસ સંસ્મરણો વાગોળી રહેલ. તેમના સ્વજનો જે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નીહાળી શકવામાં અસમર્થ રહેલ તેમણે કેટલું ગુમાવ્યું તેવો નાદ સર્વત્ર સંભાળાઈ રહેલ.

## જીવન સૌરભ - દ્વિતિય કાર્યક્રમ તા. ૧૯મી જુલાઈ

ગત રવિવારે, તા. ૧૨-૭-૨૦૧૫ના ગરવારેમાં રજુ થયેલ આ કાર્યક્રમની લોકપ્રીયતા સૌના મુખેથી સાંભળ્યા બાદ બીજા રવિવારના કાર્યક્રમને નિહાળવા નહિ આવી શકેલ સિનિયર સિટિઝન પણ પાસ મેળવવા સોમવારથી જ મંડળની ઓફિસમાં સક્રિયા બન્યા હતા.

રવિવાર, ૧૯ જુલાઈએ કોમ્પેરર શ્રીમતી રેખા વિરાએ પધારેલ સૌને હર્ષભેર વધાવેલ. ત્યારબાદ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ દ્વારા નવકાર મંત્રનો ઉચ્ચારણ કરવામાં આવેલ. બાદ સંગીતના તાલે મૃદુલાબેન દેસાઈ અને વૃંદ દ્વારા જુના અને પ્રસિદ્ધ ગીતોની રમઝટ ચાલી હતી, જેને સૌ કોઈએ માણી હતી.

ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ, પ્રમુખશ્રી દિનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, દાતા પરિવારના શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ, શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ શાહ તથા તેમના પરિવારજનો તેમજ મંડળના હોદ્દેદારો અને પાટણથી ખાસ પધારેલ ડૉ. રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ, સમાજના સિનિયર શ્રી ભુપેન્દ્રભાઈ મફતલાલ શાહ, શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ, જીવન સૌરભના ઉપપ્રમુખશ્રી યશવંતભાઈ ઝવેરીએ અને માનદ્‌મંત્રીઓ શ્રી ભરતભાઈ, શ્રી હિતેનભાઈ, શ્રી જયેશભાઈ ઈત્યાદિ દ્વારા દિપ પ્રાગટ્ય કરી આજના આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ દ્વારા કુમારપાળ મહારાજાના જીવન પ્રસંગોની ટૂકમાં રજૂઆત** કરતાં હાઉસમાં બેઠેલા સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધેલ. કુમારપાળ મહારાજાના જીવનચરિત્રની સવિસ્તાર રજૂઆત આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ પ્રસંગે જીવન સૌરભ સમિતિના માનદ્‌મંત્રી શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહને બન્ને કાર્યક્રમમાં લીધેલ સખત જહેમતના પરિણામે પ્રાપ્ત થયેલ જ્વલંત સફળતા બદ્દલ શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવતા, સર્વે શ્રોતાજનો દ્વારા સ્ટેન્ડીગ ઓવેશન આપવામાં આવ્યું હતું.



શ્રીમતી મૃદુલાબેન દેસાઈ આગવી અદામાં રજૂ કરતાં ગીતોની મેલડી



ઉપસ્થિત શ્રોતાજનો અને ખાસ મહેમાન શ્રી આશીતભાઈ મોદી

શ્રી ભરતભાઈએ પોતાના હૃદયોદ્‌ગારમાં કાર્યક્રમના સૌજન્ય દાતા શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ, બાબુ ભરતભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તથા સમિતિના સર્વે કાર્યકરો પ્રતિ આભારભાવ વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ **'પાટણ ગૌરવ ગાથા' ડોક્યુમેન્ટરી ફિલ્મ એલઈડી સ્ક્રીન પર રજુ કરવામાં આવી હતી.**

પાટણ ગૌરવ ગાથાનો ભાગ ૧ પુરો થતાં બન્ને પ્રોગ્રામનું આયોજન જેઓની સ્મૃતિમાં થયું હતુ એવા **માતુશ્રી જાસુદબેન મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર** (ભાભાનો પાડો)ના પુત્રવધૂ શ્રીમતી પુષ્પાબેન નવનીતભાઈ શાહનું શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી તેમજ શ્રી નરેશભાઈ તથા શ્રીમતી જયશ્રીબેનનું શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ અને શ્રી વિપીનચંદ્ર મફતલાલ શાહ દ્વારા શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ આપી બહુમાન થતા સૌએ તાળીઓથી વધાવી લીધા હતા.

આજના પ્રસંગે દાતા પરિવારના શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ શાહ દ્વારા ઉર્મીસભર હૈયે મંડળના હોદ્દેદારો, જીવન સૌરભ સમિતિના હોદ્દેદારો તથા સમિતિના સભ્યો તેમજ પધારેલ સર્વે વરિષ્ઠોજનો પ્રત્યે કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરતાં શબ્દોચ્ચાર કર્યો. જેમા મુખ્યત્વે **પ.પૂ. ગચ્છાધિપતિ પ્રેમશુરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને મંગલ આશિષથી** સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના વડીલો માટે યોજાયેલ આ બન્ને કાર્યક્રમોના સહયોગી દાતા બનવાનો એમને પ્રાપ્ત થયેલ સૌભાગ્ય બદ્દલ પાટણ જૈન મંડળનો આભાર માન્યો હતો.

આજના પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ **''તારક મહેતા કા ઉલટા ચશ્મા''ના નિર્માતા શ્રી આશિતભાઈ મોદીનું** શાલ તથા પુષ્પગચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચન દરમ્યાન શ્રી આશિતભાઈ દ્વારા સંસ્થાની રચનાત્મક પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ તેમજ આજના પ્રસંગે ઉપસ્થિત રહેવા આપેલ નિમંત્રણ બદ્દલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

બહુમાન સમારંભ સમયે પ્રાસંગીક પ્રવચનમાં સંસ્થાના **ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ શાહે** દાતા પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી, આગામી કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી હતી. સાથોસાથ શાસ્ત્રોની આજ્ઞા અનુસાર મંડળની પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થવાની ભાવના સાથે પ્રેરાઈ **બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન દેરાસર ટ્રસ્ટના** ટ્રસ્ટીશ્રીઓ બાબુ ભરતભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી, શ્રી પ્રદિપભાઈ ઝવેરી, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ દ્વારા મંડળમાં **રૂા. ૧ કરોડ અને ૮ લાખની સખાવત** આપવાની કરેલ જાહેરાતનું પુનઃ ઉચ્ચારણ કરવામાં આવેલ. જેને સમગ્ર હાઉસે તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યુ હતું. આ પ્રસંગે બોલતાં **બાબુ ભરતભાઈએ** જણાવ્યું હતું કે, અમો સૌ પટ્ટણીઓની અને પાટણ જૈન મંડળની હંમેશા સાથેજ છીએ અને સંસ્થાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહીત કરવા હંમેશા તત્પર રહીશું. સંસ્થાના શતાબ્દી મહોત્સવ કાયમી સંભારણું બની રહે તેવા ભવ્યાતીભવ્ય આયોજન કરી ઉજવશો. ખર્ચની ચિંતા કરશો નહીં અમો તમારી સાથે જ ઉભા રહીશું.

વધુમાં શ્રી વિરેન્દ્રભાઈએ જણાવ્યું કે, તા. ૧૦-૧૦-૨૦૧૫ના જશોદા રંગમંદિર ખાતે **દાંડિયારાસ** કાર્યક્રમના વિશાળ ખર્ચને પહોંચી વળવા રૂા. બે લાખના બે સ્પોન્સરોની જરૂરિયાત રહેશે, જેને સમર્થન આપતાં **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો) તથા શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)ના** નામોની જાહેરત કરવામાં આવેલ જે સૌએ ઉમળકાભેર વધાવી લીધી. ત્યારબાદ **તા. ૧૦-૧-૨૦૧૬ના યોગી સભાગૃહ સાથે યોજાયેલ ''સામુહિક નવકાર મહામંત્ર જાપ''ના** સ્પોનસર્સ તરીકે પણ ત્રણ નામો આવેલ જેમાંથી એક નામ **માતુશ્રી હીરાબેન પોપટલાલ શાહ** (કનાસાનો પાડો)ની જાહેરાત કરવામાં આવી. અન્ય નામો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાત શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શિક્ષણ, મેડીકલ અને અન્ય વાર્ષિક સહાયની રકમમાં વધારો કરવામાં આવેલ છે. પ્રોગ્રામ, જીવન સૌરભ તથા જીવન મહેક સમિતિને તેમનું વાર્ષિક ખર્ચનું બજેટ આપવામાં આવેલ છે તેનાથી અધિક ખર્ચ થાય તો જે તે સમિતિએ સમાજમાંથી જુદુ ડોનેશન પ્રાપ્ત કરવાનું રહેશે જેથી મંડળની સહાયની પ્રવૃત્તિઓને ગયા વર્ષ કરતાં પણ



દિપ પ્રાગટ્ય કરતા દાતાશ્રીઓ અને મંડળના હોદ્દેદારો




માનદમંત્રી
શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ



શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહનું વક્તવ્ય

વધુ રકમ ફાળવી શકાય, વાપરી શકાય.

આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા આચાર્ય ભગવાન **શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મ.સા.** દ્વારા પાઠવવામાં આવેલ સંદેશનું પઠન કરવામાં આવેલ. (જેની વિગત આજ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે)

બહુમાન સમારંભ પુરો થાય બાદ પાટણ ગૌરવગાથા ભાગ બીજો રજુ કરવામાં આવ્યો હતો. ઝાંખી નિહાળતા સિનિયર સિટિઝનો ધર્મમય માહોલમાં ઓતપ્રોત બની ગયા હતા.

કાર્યક્રમ પૂરો થયા બાદ જુદા જુદા વિસ્તારના વડીલજનોને સુખરૂપ ઘરે પહોચાડવા બસોની વ્યવસ્થા કરી હતી.

આજના કાર્યક્રમના વિશેષ આકર્ષણ સમાન આજે પાટણના પટોળા તથા કંઠે મોતીની માળા ધારણ કરનાર બહેન તથા નેવુ વર્ષ તેમજ એક્યાસી વર્ષના વયોવૃદ્ધ દંપત્તિ પરિવારોને પુષ્પગુચ્છ તથા રોકડ રકમનું સરપ્રાઈઝ આપી બિરદાવવામાં આવ્યા.

આજના પ્રસંગે સીડીમાં રજૂ થયેલ એકવાર પાટણ જાજો રે પાટણીઆના ગાયિકા શ્રીમતી સેજલબેન ઉપસ્થિત રહેતા તેમની પાસેથી ગવડાવવામાં આવેલ.

ત્યારબાદ પુનઃ મૃદુલાબેન દેસાઈ તથા સાથી કલાકારના મધુર કંઠે ગુજરાતી તથા હિન્દી ગીતોની રમઝટ બોલાવી સૌને મંત્રમુગ્ધ કરવામાં આવેલ.

વિલેપાર્લે ખાતે સુંદર આયોજન માટે સક્રિય કાર્યકર્તા શ્રી હરીશભાઈ મફતલાલ ચોક્સી અને સમિતિના સભ્યો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

સમારંભના અંતમાં મનભાવન ભોજનીયાનો રસાસ્વાદ માણતા માણતા વડીલો આજના ઉત્તમ કાર્યક્રમના અરસપરસ સંસ્મરણો વાગોળતાં વાગોળતાં ખુશનુમાં વાતાવરણમાં વિખરાયા.

બન્ને કાર્યક્રમોમાં ભોજનની ખાસ વિશેષતા એટલે પાટણ ખાતેના કનાસા કલ્યાણકેન્દ્ર ખાતેથી ખાસ ઓર્ડર આપી બનાવડાવી અને મુંબઈ ખાતે લાવવામાં આવેલ દેવડા, મગદળ અને મોહનથાળ!

આ કાર્યક્રમમાં ગરવારે હાઉસ ખાતે ૭૦૦ વરિષ્ઠજનો તથા જુહુ ખાતે ૮૫૦ વરિષ્ઠજનો મળી કુલ ૧૫૫૦ ઉત્સાહભેર સહભાગી થયા હતા. એનો મંડળને, દાતા પરિવારને અને સૌ પટ્ટણીઓને ગૌરવ અને આનંદ અપાવ્યો છે.

બન્ને કાર્યક્રમોની સંપૂર્ણ, ઝિણવટપૂર્વકના પ્લાનિંગથી દરેક આઈટમની શ્રેષ્ઠતાને લીધે, સૌ વરિષ્ઠ નાગરિકોના દિલ જીતી લીધા હતા. તેઓને એમ લાગ્યું કે,

**"જેમ સુખડ ઘસાય તેમ સુવાસ આવે જ,**
**પાણી પીવાય તેમ તરસ બુઝાય જ,**
**સાકર ખવાય તેમ મીઠાશ આવે જ,**
**તેમ શ્રી પાટણ જૈન મંડળના નવા નવા પ્રોગ્રામોમાં**
**આનંદ અને ઉલ્લાસની અનુભુતિ થાય જ!"**

## ગીતના શબ્દો

તમે એકવાર પાટણ જાજો રે ઓ પાટણીઆ... (૨)
તમે પાટણથી પટોળા લાવજો રે ઓ પાટણીઆ... (૨)
તમે ઓલુ લાવજો, પેલુ લાવજો...
વડી-પાપડ, તલની રેવડી હોકે પેલુ... હોકે પેલુ...
દેવડા ને પેંડા લાવજો રે, ઓ પાટણીઆ
તમે એક વાર પાટણ જાજો રે ઓ પાટણીઆ
તમે પાટણથી લીલવા લાવજો રે ઓ પાટણીઆ
તમે ઓલુ લાવજો, પેલુ લાવજો...
વડી-પાપડ, તલની રેવડી હોકે પેલુ... હોકે પેલુ...
ખાખરાને પાપડ લાવજો રે, ઓ પાટણીઆ
તમે એક વાર પાટણ જાજો રે ઓ પાટણીઆ
તમે ઓલુ લાવજો, પેલુ લાવજો...
વડી-પાપડ, તલની રેવડી હોકે પેલુ... હોકે પેલુ...
શેકેલો શીરો લાવજો રે, ઓ પાટણીઆ
તમે મશરૂનું કાપડ લાવજો રે ઓ પાટણીઆ
તમે એકવાર પાટણ જાજો રે ઓ પાટણીઆ... (૨)

# દુ:ખદ નિધન

## બાબુ નરેન્દ્રકુમાર વિજયકુમાર પનાલાલ

શ્રી પાટણ જૈન મંડળ અને સમાજના શ્રેષ્ઠીવર્ય દાતા તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ બાબુ નરેન્દ્રકુમાર વિજયકુમાર (ખજૂરીનો પાડો - વાલકેશ્વર)નું તા.૦૨-૦૭-૨૦૧૫ ના દિને ૭૮ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ નિધનના સમાચાર જાણી મંડળે આઘાતની લાગણી અનુભવી.



મંડળની સમાજ ઉત્કર્ષ ક્ષેત્રની પ્રવૃત્તિને વેગવંત બનાવવા પ્રતિ વર્ષ લગભગ રૂા. ૮૦૦,૦૦૦/-ની સખાવત આપવાનું સ્વીકારેલ, ઉપરાંત સમાજના વિદ્યાર્થિઓના શિક્ષણ માટે સહાયક થવા જીવન ઘડતર માટે શૈક્ષણિક ખર્ચમાં વગર વ્યાજે અપાતી લોન અંગેની રિવોલ્વીંગ (એજ્યુકેશન) યોજના અંતર્ગત પણ પ્રતિ વર્ષ રૂા.૫ લાખ પર્યંતની સખાવત આપવાનું સ્વીકારીને અત્યાર સુધી મંડળને બાબુ પનાલાલ પૂનમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, **બાબુ જીવનલાલ પનાલાલ ચેરીટી ટ્રસ્ટ, બાબુ નાનકચંદજી પૂનમચંદજી ચેરીટેબલ ટ્રસ્ટ**, ભગવાનલાલ પનાલાલ ચેરીટીબેલ ટ્રસ્ટ, **તરફથી રૂા. ૭૫ લાખ જેટલી માતબર રકમ મંડળમાં સમર્પિત કરી ધન્યતા અનુભવેલ તે બદલ સંસ્થા સદાય તેમની આભારી રહેશે. શ્રી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ સમાજની ઉન્નત્તિ અને પ્રગતિ થાય તે માટે મંડળને આર્થિક ભંડોળ આપવાની તેઓની ભાવના પ્રબળ રહી હતી.**

સાધર્મિક બંધુત્વની ઉમદા ભાવના ધરાવતા શ્રી નરેન્દ્રભાઈએ તેમના સંપર્કમાં આવેલ જૈન સમાજના કોઈપણ પરિવારને શિક્ષણ તથા મેડીકલ ક્ષેત્રે તેમજ આર્થિક સંકળામણ અનુભવતા પરિવારોને આર્થિકરીતે સહાયભૂત થઈ જીવન સાફલ્ય બનાવેલ. શૈક્ષણિક અને મેડીકલ તથા ધાર્મિકક્ષેત્રે તેઓની સખાવતો ખૂબજ બહોળા પ્રમાણમાં રહી છે.

**બાબુ પનાલાલ પુરણચંદ જૈન હાઈસ્કુલ તથા જૈન ધર્માદા દવાખાનાનું સંચાલન અને તેના વિકાસમાં બહુમુલ્ય ફાળો હતો.** સદરહુ શાળામાં અભ્યાસ કરી અનેક વિદ્યાર્થિઓ જીવનમાં સફળતા મેળવી સામાજીક અને ધંધાકીય ક્ષેત્રે નામના મેળવેલ છે.

કર્તવ્ય પરાયણ, દાતા અને શુભેચ્છક એવા શ્રી નરેન્દ્રભાઈના નિધનથી સંસ્થા અને સમાજને ન પુરાય તેવી ખોટ પડેલ છે. પરિવારના મોભી એવા શ્રી નરેન્દ્રભાઈના નિધનથી પરિવારજનો પર આવી પડેલ દુ:ખમાં મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો ઉંડી સંવેદના વ્યકત કરે છે. પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## વિદેશમાં રહેતા પરિવારો માટે પાટણ જૈન પરિવારોના સંબંધીઓ જોગ

વિદેશમાં સ્થાયી થયેલા પાટણના જૈન પરિવારોના દરેક સંબંધીઓને વિનંતી સહ જણાવવાનું કે, શ્રી પાટણ જૈન મંડળ સમાજના પરદેશમાં રહેતા દરેક પરિવાર સાથે કાયમ સંકળાયેલ રહે, અને તેઓ સમાજની દરેક સામાજીક, સાંસ્કૃતિક, વેવિશાળ, ધંધાકીય અને ધાર્મિક વિગતોથી માહિતગાર રહી શકે તથા મંડળની પ્રગતિ અને પ્રવૃત્તિઓની જાણકારી મેળવી શકે, તે માટે મંડળે વેબ સાઈટ તૈયાર કરેલ છે. જે દ્વારા તેઓ પરદેશ રહી પાટણ જૈન પરિવારો અને મંડળથી સંપૂર્ણ માહિતગાર રહી શકશે. સાથે શ્રી પાટણ જૈન મંડળ પણ દરેક પરિવારનો e-mail દ્વારા સંપર્ક કરી શકે, તેમજ પાટણ પ્રતિબિંબ પણ e-mail દ્વારા મોકલાવી શકાય. **તે માટે આપના પરદેશમાં રહેતા પરિવારજનો, સગા-સંબંધીઓ અને મિત્રોના નામ, શહેર, e-mail અને મોબાઈલ નંબર અને મહોલ્લાનું નામ વિગેરે વિગતો મંડળમાં મોકલાવી આપવા ખાસ વિનંતી.**

Full Name : ..........................................................

Qualifications: ..........................................................

University : ............................Year:....................

How long you have been staying abroad ?..........

Resi. Address: ..........................................................

..........................................................................

Foreign Country:.......................City......................

Patan Maholla: ..........................................................

Mobile : ..........................................................

E-Mail : ..........................................................

Reply: E-mail: patanmandal@gmail.com
Website: www.patanmandal.org

# Highlights of Jeevan Saurabh Programs

- Jeevan Saurabh Committee presented Smruti Vandana Program for senior citizens of Samaj on Sunday for south Mumbai Patanis 12th July at Garware Club House, Churchgate and on Sunday 19th July Jalaram Hall, Vileparle for others
- More than 1500 Senior Citizens were present in these programs and all were present before time. Whellchair facilites provided by our commttee volitars.
- Both of these programs were sponsored by Donor Shri Nareshbhai Navnitlal Shah & Smt. Jayshreeben Nareshbhai .
- Babu Bharatbhai Rajendrakumar Jhaveri, Pradipbhai Jhaveri, Virendra P. Shah, Trustees of Babu Amichand Panalal Adishwar Jain Temple Charitable Trust announced **donation of Rs. 1 Crore and 8 Lacs to PJM for Centenary Celebrations in 2016.**
- Shri Nareshbhai Navnitlal also declared donation of Rs. 11 lacs for PJM Centenary Celebrations.
- CD of **Patan Gaurav Gatha** was shown at these programs on wide LED screen. This CD featured old & new Patan, World Heritage Ranki Vav, Sahashtra ling Lake, BDS School, Atithigruh, Chhatralay, Kanasa Kalyan Kendra, Patan Panjaraploe and all Patan Jinalays.
- Eloquent speech on Kalikal Sarvgna Hemchandracharya was given by Smt. Kalpna Virendra & on Kumarpal Maharaja by Smt. Bhartiben Bhagubhai.
- Vice President Virendra P. Shah announced details of upcoming programs Vyakhyan on 16th August, Dandiya Ras on 10th October, Collective Navkar mantra Jaap on 10th January 2016
- Mr.Ashit Modi (Producer of Tarak Mehta ka Ulata Chasma) was present at this program.
- PJM arranged Taxis for South Mumbai Residents on 12th July and Bus facilites on 19th July for going back to their residence.
- Smt Mrudula Desai and her team sang popular old Gujarati and Hindi songs at both the Venues.
- Both Programs were compered by Smt Rekaha Veera.


## P *for* P — Patanis *for* Patanis

**Ekta Creation - Borivali (E)**
- State-of-Art Modern Printing
- Logo with Vastu/Colour Therapy
- Multicolour Offset Printing

Dhruvil 9664258032 Hitesh 9930404725

**Bhavik Estate - Naresh Shah**
- Sale/Purchase & Rental of Flats
- Also Shops & Offices
- Borivali & Dahisar

Contact : 9619407773 / 9224157773

**Lose / Gain Weight**
- Upto 4 kgs in a Month
- No Dieting / Medic / Side effects
- Free Consult & Fat Check-up

Sheetal Shah (Mira Rd) 9004905806

**Accouting Help - Have 5 yrs' Experience**
- Tally 7.2 & ERP 0.9
- 24Q & 26Q Salary & TDS E Return
- Annual Balance Sheet & P & L

Contact: Rajshree Parekh - 9819308942

**Stock Broker**
- Deal in BSE / NSE / PMS
- Currency Hedging
- Investment Advisor

Contact: Chandrakant Shah - 9819282125

**Account Finalisation – part time**
- Expert in Tally Accounting
- Have Computer &
- will Operate from Residence

Contact: Alpa Sanghavi 9920293829

**CATRERING SERVICE**
- 50 TO 100 PERSONS SERVICE AT Home
- Party & Marriage Contarct
- Food Packaging for Travelling

Contact: Vinod Shah 9029310783

**ખાખરા – સ્વાદિષ્ટ નાસ્તા**

ઉચ્ચ ગુણવત્તાના સ્વાદિષ્ટ ખાખરા, ખીચિયાં, પાટણના પાપડ, વડી, ભાતવડી, વેફર વિગેરે ઘેરબેઠા મળશે.

બિરેન સુરેશ શાહ – 9969559851

# જીવન સૌરભને બિરદાવતા હૃદયોદ્ગાર

મંડળની જીવન સૌરભ સમિતિ તરફથી સિનિયર સિટિઝનો માટેનું ઈન્વીટેશન મળતાં, જેમ લાઈટની સ્વીચ ચાલુ કરીએ અને અંધકાર ઓઝલ થઈ જાય તેમ મારા મનમાં જે નેગેટીવ વિચારો ચાલતા હતા તે એકદમ આ આમંત્રણ જોઈને ચાલ્યા ગયા અને તેમાંની વિગતો વાંચ્યા પછી મને ખરેખર એમ જ લાગ્યું કે આ જીવન સૌરભનું આમંત્રણ નથી પણ આ તો મારા સુના જીવનમાં આવેલું એક સ્વપ્ન છે, જે સ્વપ્ન ઘણા વર્ષોથી અંદર દબાઈને બેઠેલું હતું કે ક્યારે મારી ઉંમરના પાટણના વતનીઓને મળીશ, આનંદ કિલ્લોલ કરીશ.

જે ૧૨મી તારીખની હું વાટ જોઈ રહ્યો હતો તે અંતે આવી, હું અને મારા શ્રીમતી પહોચ્યા ગરવારે ક્લબમાં. ઘડપણને હિસાબે વ્હિલચેરમાં ઘણી વખત બેસીને હૉસ્પિટલ જવાનો અનુભવ હતો પણ ગરવારે ક્લબમાં પહોચ્યા અને ગેટથી લિફ્ટ સુધી જવા માટે પણ વ્હીલચેર રાખી હતી. રીયલી આ એક નવો અનુભવ હતો. જીવનસૌરભે સિનિયર સિટિઝનની નાનામાં નાની વસ્તુની ચીવટ રાખી હતી અને વ્યવસ્થા ગોઠવી હતી!

હોલ પર પહોંચ્યા બીજો સુખદ ઝટકો, ચા-પાણીના કાઉન્ટર રાખેલા હતા. હોલમાં દાખલ થયા ને અમારા જેવા સિનિયર સિટિઝનોની મનગમતી મીઠાઈ મોહનથાળ - મગદળ જોઈને મન ભરાઈ ગયું અને ખાઈને દિલ મહેકી ઉઠ્યું.

ખુરશીમાં બેઠા સામે મોટો પડદો તેની ઉપર જુના નવા ગીતો સાંભળતાં બેઠા, અને સેટ પણ નહોતા થયા ત્યાં તો ગરમ ગરમ મરચાંના ભજીયા તેમજ અન્ય ફરસાણ લઈને એકધારા માણસો આવતા હતાં, અમે મજાથી ખાઈ રહ્યા હતા. સ્વજન તેમજ પાટણના લંગોટીયા મિત્રોને મળીને ગોષ્ટી કરી રહ્યા હતા. પડદા પર સુરીલું સંગીત ચાલુ હતું, શીતલ આલ્હાદક વાતાવરણ હતું. પડદા પર પાટણના સ્થાપત્યો, તેમજ દેરાસરો એક પછી એક આવતાં જતાં હતા. પાટણ ગામનું સ્ટેશન, પાટણ ગામનું બજાર, પંચાસર, જોગીવાડાનું દેરાસર, દરેક મહોલ્લાની અંદર આવેલા દેરાસરની પ્રતિમાના દર્શન થયા, રાણકીવાવ જોયું. ફાટીપાળનો દરવાજો જોયો, સહસ્ત્રલીંગ તળાવ જોયું. જનતા હૉસ્પિટલ જોઈ, છાત્રાલય જોગુ પંચાસરનું અતિથિ ગૃહ જોયુ અને મજા તો ત્યારે થઈ કે પાટણના દેવડા, મિઠાઈ, ચેવડો તેમજ દિવાળી પર જે લીલવાની પાપડીનો ભાવ ૧૦૦૦ રૂપિયે કિલો મળે છે તે પણ જોયું. એમ લાગ્યું કે પાટણમાં જ છીએ.

હવે આખા પ્રોગ્રામનું જે ક્રીમ કહેવાય તે પ્રોગ્રામ શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈએ રજુ કર્યો હતો તેની અનુમોદના કર્યા વિના ન રહેવાય. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જે બાળપણથી માંડીને અંત સુધીનું જીવનવૃત્તાંત કલ્પનાબેને જે દુરન્તો (નોનસ્ટોપ ગાડીને દુરન્તો કહે છે) પ્રવચન કર્યું તે આ આખા પ્રોગ્રામની શાન હતી અને હોલમાં હાજર મેદનીએ પીનડ્રોપ સાયલન્સથી સાંભળ્યું હતું તે એક અનોખો અનુભવ હતો. આટલું મોટું ૨૦થી ૨૫ મિનિટનું પ્રવચન, ચબરખીની મદદ વગર બોલવું તે કાંઈ ખાવાના ખેલ નથી. આ પાછળ અથાગ મહેનત અને અભ્યાસ તેમજ વિશ્વાસ જોઈએ અને એટલા જ માટે આખા હૉલે તેમને સ્ટેન્ડીંગ ઓવેશન આપ્યું હતું. જે ખરેખર જ યોગ્ય હતું. ત્યારે લાગ્યું કે સમાજની અંદર આવી ધાર્મિક અભ્યાસી વિરાંગના છે તેની ઘણી ઘણી જ અનુમોદના કરવી જ રહી. મૃદુલાબેન દેસાઈ દ્વારા રજૂ થયેલ ગુજરાતી તથા હિન્દી ફિલ્મોના ગીતો સાંભળી ખરેખર જવાની યાદ આવી.

હવે આવી જમવાની વાત. જમવામાં રીયલ પાટણ ભોજનની ઝલક જોવા મળી. નાનામાં નાની વસ્તુ જે પટણીઓને ભાવે છે તે દરેક વસ્તુ બનાવી અને હદ તો ત્યારે થઈ કે જ્યારે તકમરીયાનો શરબત લોકોને પીવડાવ્યો. સૌ લોકોએ બહુ આનંદથી નિહાળ્યો પ્રોગ્રામ, નાચ્યા, ખાધું-પીધું અને રાજ કર્યું.

કાર્યક્રમનો આયોજક - સૌજન્ય દાતા પરિવારને બિરદાવી સમાજ સમક્ષ રજૂ કરનાર જીવન સૌરભ સમિતિની કોઠાસૂઝને સલામ.

વધુમાં દરેક જણને પોતાના ડેસ્ટીનેશન માટે ટેક્ષીના પૈસાનું પાકીટ આપ્યું જે ટેક્સી ડ્રાઈવરને સાથે આપી દેવાની તાકીદ કરી અને પટણીઓની ઉદારતાની ઝલક દેખાડી. ખરેખર વર્ષો સુધી આ પ્રોગ્રામ યાદ રહેશે, આ માટે જીવન સૌરભ કાર્યક્રમ ઘડનારા, ગોઠવનારા, ધ્યાન રાખનારા મેમ્બરોનો અંતરપુર્વક આભાર.

❑ **શ્રી નરેન્દ્ર બાબુલાલ શાહ (તંબોલીવાડો)**

### અમઘરે હોંશે હોંશે પધારો રે...

પાટણ જૈન મંડળમાં સિનિયર સિટિઝન ભલે પધારો રે,
સિનિયર સિટિઝનને બી.સી.એ.માં બોલાવીયા રે,
જાજરમાન પાટણનો ઈતિહાસ બતાવશું રે,
જોઈને પટણીઓ નાચી ઉઠશે રે....
અમઘરે હોંશે હોંશે પધારો રે,
સિદ્ધરાજ જયસિંહને કુમારપાળ રાજા થઈ ગયા રે,
હેમચંદ્રાચાર્ય જેવા મહાન સુરીજી મળીયા રે...
સિદ્ધહેમ વ્યાકરણ ત્યારે લખીયું રે,
હાથીની અંબાડી ઉપર ગ્રંથ પધરાવીયું રે...
પાટણ ગામમાં વરઘોડો નીકળ્યો રે...
અમઘરે હોંશે હોંશે પધારો રે,
તે વખતની જાહોજલાલી અનેરી ઓપતી રે,
રાજાઓ પણ વરઘોડામાં ખુલ્લાપગે આવીયા રે,
આરતી ઉતારવા કુમારપાળ રાજા,
સાજન-માજન સાથે આવતાં રે...
અમઘરે હોંશે હોંશે પધારો રે,
પશુ પક્ષીઓને ગાળીને પાણી પીવરાવતાં રે,
પાટણના પટોળા ફાટે પણ ફીટે નહીં રે,
આવી જોડી બીજે ક્યાંય મળે નહીં રે,
કમિટિને સર્વનો સાથ મળતો રે,
સ્ટાફ મેમ્બર્સ પણ ખડે પગે ઉભો રહેતો રે....
અમઘરે હોંશે હોંશે પધારો રે,
પાટણ જૈન મંડળની જાહોજલાલી પાછી લાવજો રે,
એવાં અમ અંતરના આશીર્વાદ રે,
પાટણ જૈન મંડળમાં હોંશે હોંશે પધારો રે,
સહુનું સ્વાગત રૂડી રીતે થાય રે....
અમઘરે હોંશે હોંશે પધારો રે,

❑ **શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ (કનાસાનો પાડો)**

## How Digital India could be in 2020 with popular use of Aadhaar card?

***Operator :*** Hello Pizza Hut!

**Customer :** Hello, can you please take my order?

***Operator :*** Can I have your multi purpose Aadhar card number first, Sir?

**Customer : Yeah! Hold on..... My number is 889861356102049998-45-54610**

***Operator :*** OK... you're... Mr SHAH and you're calling from 155, 1st Cross. Panduranga Nagar, MG Road, Hyderabad. . Your home number is 26490786, your office 22211379 and your mobile is 9880088786. You are calling from you home number now.

**Customer : (Astonished) How did you get all my phone numbers?**

***Operator :*** We are connected to the system, Sir.

**Customer : I wish to order your Margaritta Pizza...**

***Operator :*** That's not a good idea Sir.

**Customer : How come?**

***Operator :*** According to your medical records, you have high blood pressure and even higher cholesterol level, sir.

**Customer : What?... What do you recommend then?**

***Operator :*** Try our Low Fat Bhakhri Pizza. You'll like it.

**Customer : How do you know for sure?**

***Operator :*** You borrowed a book titled 'Popular Pizza Dishes by Jasuben from the National Library last week, sir.

**Customer : OK I give up... Give me three family size ones then.**

***Operator :*** That should be enough for your family of 07. Sir. The total is Rs. 2,450.

**Customer : Can I pay by credit card?**

***Operator :*** I'm afraid you have to pay us cash, Sir. Your credit card is over the limit and you owe your bank Rs. 1,51,758 since October last year. That's not including the late payment charges on your housing loan, Sir.

**Customer : I guess I have to run to the neighbourhood ATM and withdraw some cash before your guy arrives.**

***Operator :*** You can't Sir. Based on the records, you've exhausted even your overdraft limit.

**Customer : Never mind just send the pizzas, I'll have the cash ready. How long is it gonna take anyway?**

***Operator :*** About 45 minutes Sir, but if you can't wait you can always come and collect it on your motorcycle.

**Customer : What?**

***Operator :*** According to the details in the system , you own a motorcycle registration number 7786

**Customer: "????" (hmmm.. these guys know my motorcyle number too!)**

***Operator :*** Is there anything else, sir?

**Customer : Nothing.! .. by the way... aren't you giving me that 3 free bottles of cola as advertised?**

***Operator :*** We normally would sir, but based on your records, you're also diabetic... In the best interest of your health, we are holding this offer for you.

**Customer : Teri tto ..**

***Operator :*** Better mind your language sir. Remember on 10th July 1986 you were imprisoned for 3 days and fined Rs.5,000 for using abusive language against a policeman...?

**Customer faints......... aur banao Aadhaar Card**

**WELCOME TO DIGITAL INDIA!!**

### Holy Thoughts

When **BHAKTI** enters **WATER,**
**WATER** becomes **CHARANAMRUT,**
When **BHAKTI** enters **TRAVEL,**
**TRAVEL** becomes a **PILGRIMAGE,**
When **BHAKTI** enters **MUSIC,**
**MUSIC** becomes **KIRTAN,**
When **BHAKTI** enters a **HOUSE,**
**HOUSE** becomes a **TEMPLE,**
When **BHAKTI** enters **ACTIONS,**
**ACTIONS** become **SERVICES,**
When **BHAKTI** enters in **WORK,**
**WORK** becomes **KARMA,** **AND**
When **BHAKTI** enters a **MAN,**
**MAN** becomes **HUMAN**

### પાટણ પ્રતિબિંબ – ન મળવા બાબત

મંડળનું મુખપત્ર પાટણ પ્રતિબિંબ દર માસની ૨૫-૨૬ તારીખે જી.પી.ઓ. ખાતેથી એકી સાથે પોસ્ટ કરવામાં આવે છે, તેની નોંધ લેશો.

આપને પ્રતિબિંબ ના મળતું હોય તો આપનું પૂરુ નામ, મહોલ્લો, રહેઠાણ, વિસ્તાર લખીને ૯૧૬૭૯૦૨૨૬૭ ઉપર **SMS** કરવો અથવા મંડળમાં લેખિત મોકલવું. તેમજ આપના નજદિકના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં પણ લેખિત - મૌખિક ફરિયાદ કરવા ખાસ વિનંતી છે.

## પ. પૂજ્ય આચાર્ય શ્રી મેઘદર્શન સુરિશ્વરજી મ.સા.

## તા. ૧૯-૭-૨૦૧૫ના કાર્યક્રમમાં આર્શીવચન

માદરે વતન પાટણ મહાતીર્થના સંસ્મરણોને
વારંવાર વાગોળતા સિનિયર સિટિઝનો !

સંસારીપણે પાટણના જ પનોતાપુત્ર આચાર્ય મેઘદર્શન સૂરિશ્વરજીના ધર્મલાભ.

આજે તમને સૌને પાટણની ભવ્યતા નિહાળવાનો - માણવાનો અવસર શ્રી પાટણ જૈન મંડળના 'જીવન સૌરભ' સમિતિના ઉપક્રમે મળ્યો છે તેમાં ય આ તો ભવ્યાતિભવ્ય પાટણ મહાતીર્થની ભૂમિ ! પંચાસર પાર્શ્વનાથ - શામળાજી પાર્શ્વનાથ વિગેરે જિનાલયોથી સુશોભિત નગરી ! હૈયામાં અહોભાવ ઉભરાયા વિના ન રહે.

- જ્યારે જ્યારે અનુકૂળતા થાય ત્યારે ત્યારે આપશ્રી પાટણમાં આવીને બે-પાંચ - દસ - વીસ દિવસ રહો.
- ચોમાસામાં ચાર મહિના અથવા પચાસ દિવસ પાટણમાં ઘર ખોલીને રહેવા પધારો.
- જો તમારી પાસે સંપત્તિ હોય - ઉદારતા હોય તો પાટણના જિનાલયોની સુરક્ષા તથા આશાતના નિવારણમાં લાભ લો. તે માટે શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિનો - સંપર્ક કરવા વિનંતી છે.
- પોતાના મહોલ્લાની નવી પેઢીને - યુવાન પેઢીને મહોલ્લાના જિનાલયોના વહીવટમાં જોડો.
- પાટણ પ્રત્યેનો લગાવ વધારવા પાટણ જૈન મંડળે આજે જે પ્રયત્ન કર્યો છે, તે ધન્યવાદને પાત્ર છે.

❑ **આચાર્ય શ્રી મેઘ દર્શનસૂરિના ધર્મલાભ.**

## સંસ્થા સમાચાર

સૌરભ લેડીસ ક્લબ, વિલે પાર્લા દ્વારા પ્રોગ્રામ ''Organ Donation & Nirbhya Suraksha of Mahila'' નામનો પ્રોગ્રામ તાજેતરમાં સર્વોત્તમ સોસાયટી હોલમાં આયોજીત કરવામાં આવ્યો હતો.

આ પ્રોગ્રામમાં પાટણના કેશુશેઠના પાડાના શ્રી યોગેશભાઈ ઝવેરી અને ડૉ. કેરૂલ ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. કેરૂલ ઝવેરીએ ખૂબ જ સરળ અને સુંદર શૈલીમાં આપણા શરીરના ૨૩ અંગો દાનમાં આપી શકાય છે અને તે સાથે બીજા ૨૩ જણાને જીવતદાન મળે છે, તેની વિગતવાર માહિતી આપી, માર્ગદર્શન આપ્યું હતું. શ્રી યોગેશભાઈ ઝવેરીની મહિલા ટીમે આપણી યુવાન દીકરીઓ, મહિલાઓ સંકટ સમયે તત્કાળ પોતાની સુરક્ષા કેવી રીતે કરે તે જુદા જુદા પ્રયોગો કરી બતાવ્યા હતા.

સંસ્થાની ૯૦ બહેનોએ ભાગ લીધો હતો.

## SWAMI VIVEKANAND

When Swami Vivekanand was studying law at the University College, London there was a white professor, whose last name was Peters, who disliked him intensely.

One day, Mr. Peters was having lunch at the dining room when Vivekanand came along with his tray and sat next to the professor.

The professor said, “Mr Vivekanand, you do not understand. "A pig and a bird do not set together to eat.”

Vivekanandji looked at him as a parent would look at a rude child and calmly replied, “You do not worry professor. I'll fly away,” and he went and sat at another table.

Mr. Petecrs, reddened with rage, decided to take revenge. The next day in Class he posed the following question: “Mr.Vivekanand, if you were walking down the street and found a package, and within was a bag of wisdom and another bag with money, which one would you take ?”

Without hesitating, Vivekanandji responded, “The one with the money, of course.”Mr. Peters, smiling sarcastically said, “I, in your place, would have taken the wisdom.”

Swami Vivekanand shrugged and responded, “Each one takes what he doesn’t have.”

Mr. Peters, by this time was quite irritated So great was his anger that he wrote on Swami Vivekanand’s exam sheet the word “idiot” and gave it to Swami Vivekanand.

Vivekanandji took the exam sheet and sat down at his desk trying very hard to remain calm while he contemplated his next move.

A few minutes later, Swami Vivekanand got up, went to the professor and told him in a dignified polite tone, “Mr. Peters, you signed the sheet, but you did not give me the grade.”

Message is that Don’t mess with intelligent Indians.

## મંડળના સમાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા. ૩૧-૩-૨૦૧૫ના દિને પૂરું થયેલ છે તેઓએ તા. ૧-૪-૨૦૧૫થી શરૂ થતાં નવા સત્ર માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- સમયસર ભરવું આવશ્યક છે અથવા ૧૫૦૦/- આપી કાયમી આજીવન સભાસદ થઈ શકાય છે.

મંડળના મુખ્ય કાર્યાલય, મરીનડ્રાઈવ ઉપરાંત ગોરેગામ તથા રતનનગર, બોરીવલી અને પાટણ ખાતેના કાર્યાલયમાં પણ આપના લવાજમની રકમ ભરી શકો છો.

**માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)**

## Dr CHODHARI's Eye Clinic

above ICICI bank, opp Sardar Patel Bhavan,
S.V. Road, GOREGAON (w),
Mumbai - 400062.
Tel No : 28721610 / 28781281

**Time: 10 am to 12.30 pm, 5 to 8 pm**

**FACILITIES :**

Computerized Eye Check up / Cataract / LASIK / Glaucoma / YAG laser/ Lazy Eye Exercise / Squint / Retina treatment

**Eye Emergency 9820148630**

ADVT


### પાટણ પ્રતિબિંબ જાહેરાતના દરમાં ઑગસ્ટથી ફેરફાર

Art paper 2 Colour

| | | |
|---|---|---|
| ૧ કોલમ x ૪ સે.મી. | | રૂા. ૯૦૦/- |
| ૧ કોલમ x ૮ સે.મી. | | રૂા. ૨૦૦૦/- |
| ૨ કોલમ x ૮ સે.મી. | | રૂા. ૪૦૦૦/- |
| ૨ કોલમ x ૧૦ સે.મી. | અડધુ પાનુ | રૂા. ૬૦૦૦/- |

### અભિનંદન

કનાસાના પાડાના હાલ વિલેપાર્લે સ્થિત શ્રી વિરેશભાઈ પ્રવીણચંદ્ર શાહ (મંત્રી)ની સુપુત્રી **ચિ. રાશી** એ હેરીઅટ વૉટ્ટ યુનિવર્સીટી, એડીનબર્ગ - યુકે દ્વારા લેવાયેલ **B.Sc. in actuarial scienceની પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસમાં ઉતીર્ણ થયા છે, જે સમગ્ર યુનિવર્સીટીમાં ટોપ રેન્કર્સમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.**

સાથોસાથ તેમણે બધીજ **આઠ CT** પરીક્ષાના પેપરમાંથી ઉત્તીર્ણ થઈ છે તે બદલ સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન.

ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થા, સમાજ અને પરિવારને ગૌરવ અપાવનાર **ચિ. રાશિ** શૈક્ષણિક ક્ષેત્રે નવા નવા કીર્તિમાન સ્થાપે તેવી શુભકામના.


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**● સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ ●**

advt



## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોન:(02766)220203

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

કાર્યાલય : નિખિલભાઈ રવિન્દ્રભાઈ શાહ : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ●

### પશુ–પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા.૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

**લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે**

**લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે**

advt

## Shree Patan Jain Mandal
## E-Directory of PATAN Doctors

Name of Doctor : ______________________ Vastipatrak VP Pg No : __________

Maholla : ______________________ Age : ________ Fmly ID : __________

Resi Address : ______________________

______________________

Clinic Address : ______________________

______________________

Cell : __________ Res Tel : __________ E-mail : __________

Qualification : __________ Category : GP, Physician, Surgeon, Technician

Speciality :

| Attachment with Hospital / Charitable Institute | Place |
|---|---|
| 1 | |
| 2 | |
| 3 | |

Association with other Social Organizations : ______________________

How can you be helpful to PJM & Samaj ? : ______________________

## Shree Patan Jain Mandal
## E-Directory of PATAN Professionals - CA, CS, MBA, Engrs, Techn etc.

Name of Person : ______________________ Vastipatrak VP Pg No : __________

Maholla : ______________________ Age : ________ Fmly ID : __________

Resi Address : ______________________

______________________

Office Address : ______________________

______________________

Cell : __________ Res Tel : __________ E-mail : __________

Qualification : __________ Category : GP, Physician, Surgeon, Technician

Speciality :

| Attachment with Corporate Sector / Soc. Organisations | Place |
|---|---|
| 1 | |
| 2 | |
| 3 | |

How can you be helpful to PJM & Samaj ? : ______________________

## મુમુક્ષુ રીકેન અને નિયતીના દીક્ષા પ્રસંગની આછેરી ઝલક

પાટણ નિવાસી શ્રીમતી સુમિત્રાબેન નવિનચંદ્ર મોહનલાલ દોલાચંદના સુપુત્ર શ્રી શ્રેણિકભાઈ નવિનચંદ્ર શાહની હાલ અમદાવાદ, પુત્રી કુમારી નિયતીની દીક્ષા, સાબરમતી - મેરુધામતીર્થ મુકામે પૂ. આચાર્યશ્રી અક્ષયચન્દ્રસાગરસૂરિ મ.સા.ની નિશ્રામાં નિર્ધારિત હતી. બરોબર સમયસર દીક્ષાની વિધિ ચાલી રહી હતી. ક્રમશઃ તેવામાં મમ મુંડાવેહ... ના આદેશ પૂર્વક ઓઘો આપવાના અવસરે શ્રી શ્રેણિકભાઈ હીનાબેનનો લાડકવાયો એકનો એક પુત્ર, દીક્ષાર્થી નિયતિનો ભાઈ ૨૧ વર્ષીય **શ્રી રીકેનકુમાર** તરત જ ઊભા થઈ ગયા. પૂ. આચાર્યશ્રીને વિનંતી કરી મારે હમણાને હમણાં દીક્ષા લેવી છે. ઓઘો, વસ્ત્ર વગેરે ઉપધિ (ઉપકરણ) મળશે. પૂજ્ય આચાર્યશ્રીએ 'હા' કહી. તુરત જ પૂજ્યશ્રીએ પિતા શ્રેણિકભાઈ-માતા હીનાબેનને વાત કરી. 'આપનો પુત્ર રીકેન હમણાં જ દીક્ષા લેવા સંમતિ માંગે છે, તરત જ ક્ષણનો પણ વિચાર કે વિલંબ કર્યા વિના માતા-પિતાએ ઉત્સાહપૂર્વક સંમતિ આપી. પવિત્ર શ્રમણીવૃંદે પણ ઓઘો સહિત તમામ ઉપધિની તાત્કાલિક વ્યવસ્થા કરવા રાજીપો વ્યક્ત કર્યો. પ્રસંગ નિહાળવા પધારેલ પ્રાયઃ સમસ્ત પુન્યાત્માની આંખો ભીની-ભીની બની ગઈ. સ્ટેજ ઉપર જ વરસીદાન દેવાયું.' લોચના મુહૂર્તની પવિત્રક્ષણે ૧૧-૪૫ના બન્ને ભાઈ-બહેનને ઓઘો અર્પણ થયો.

શ્રી રીકેનકુમારનું નામ પૂ. આચાર્ય શ્રી અક્ષયચન્દ્રસાગરસૂરિ મ.સા.ના શિષ્ય તરીકે **પૂ. મુનિશ્રી શૌર્યચન્દ્રસાગરજી મ.સા.** તથા કું. નિયતીબેનનું નામ **પૂ. સાધ્વી શ્રી સંવેગરત્નાશ્રીજી મ.સા.**ના શિષ્યા તરીકે પૂ. સાધ્વી શ્રી શૌર્યરત્નાશ્રીજી તરીકે ઉદ્‌ઘોષિત કરાયું.

આ પ્રસંગે ઉપસ્થિત પૂ. નેમિસૂરિ સમુદાયના પૂ. આચાર્યશ્રી હર્ષસેનસૂરિ મ.સા., પૂ. જયઘોષસૂરી સમુદાયના પૂ. સમર્થમુનિવર શ્રી હંસબોધિ વિજય મ.સા., પૂ. મુનીન્દ્રવિજયજી મ.સા. આદિ પૂજ્યોએ અંતરથી અનુમોદન અને અભિવાદન સહિત સુંદર સહયોગ કર્યો.

નિષ્પક્ષપાતી પૂ. ગુરુભગવંતોએ પોતાના પ્રવચનમાં અંતરથી ઉદ્‌ગાર વ્યક્ત કર્યાઃ શાસ્ત્રોના પાને ઠેક ઠેકાણે વાંચવા મળે છે કે એક આચાર્ય ભગવંતની દેશના સાંભળી ફલાણા રાજકુમાર ઊભા થયા 'મને દીક્ષા આપો.' આવા શબ્દો શાસ્ત્રમાં વાંચ્યા છે. પણ વર્તમાન કાળે કેટલાય વર્ષોથી આવું પ્રેક્ટીકલ જોયું નથી. આ રીકેનકુમારે કમાલ કરીને ભૂતકાળનો ઈતિહાસ જાગ્રત કર્યો.

સ્કૂલનો અભ્યાસ માત્ર છ ધોરણ ભણી ડાયરેક્ટ એસ.એસ.સી.ની પરીક્ષા આપી હતી. તપોવનમાં પાંચ વર્ષ અભ્યાસ કર્યો. બાદ અર્થ સહિત ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રન્થ વગેરે અભ્યાસ કર્યો. મહેસાણા યશોવિજય પાઠશાળામાં સંસ્કૃતની બે બુક, પ્રાકૃતની બુક વગેરેનો અભ્યાસ કરી વિદ્વતા પ્રાપ્ત કરી હતી. યુવાવયના ભાઈ-બહેનોને સામૂહિક અભ્યાસ કરાવતા હતા. પરિણામે દીક્ષાનું બીજ તો હતું જ. એ બીજ બેન નિયતીના આશીર્વાદ અને તેની દીક્ષા પ્રસંગને આશ્રયી અંકુરિત બન્યું.

## સાભાર સ્વીકાર

**વૃદ્ધજન સહાય ભેટ / દવાસહાય ભેટ તથા શિક્ષણ સહાય ભેટ**

૩,૦૦,૦૦૦ સ્વ. શ્રી મહાસુખલાલ રીખવચંદ શાહ તથા સ્વ. શ્રીમતી નિર્મળાબેન મહાસુખલાલ શાહના આત્મશ્રેયાર્થે (પડીગુંદીનો પાડો) તેઓની દીકરીઓ શ્રીમતી ઉષાબેન રાજેન્દ્રભાઈ શાહ, શ્રીમતી ભાવનાબેન રાજેન્દ્રભાઈ શાહ, શ્રીમતી સંધ્યાબેન દિપકભાઈ શાહ તથા શ્રીમતી મમતાબેન કૌશિકભાઈ ઝવેરી અને પરિવાર તરફથી

**શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ ડાયાલીશીસ સહાય ફંડ**

૨,૦૦,૦૦૦ શ્રી રવિન્દ્ર શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (ખજૂરીનો પાડો)

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૫૦,૦૦૦ સ્વ. શ્રી કાંતાબેન શાંતિલાલ શાહના આત્મશ્રેયાર્થે (પોળની શેરી) હ. શ્રી શાંતિલાલ મુલચંદ શાહના

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૨,૦૦,૦૦૦ શ્રી જયંતિલાલ મણીલાલ શાહ (દેવડાવાળા) પરિવાર (લીમડીનો પાડો) (ગતાંકમાં સુધારીને વાંચવું)

૨,૦૦,૦૦૦ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)

૧,૨૫,૦૦૦ શ્રી જયરાજભાઈ કાંતિલાલ સોનાવાલા (ચોધરીની શેરી)

૧,૦૦,૦૦૦ સ્વ. શ્રીમતી શારદાબેન વિનુભાઈ શાહના સ્મરણાર્થે પરિવાર તરફથી (કેશુશેઠનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૩૧,૦૦૦ સ્વ. શ્રી વસંતલાલ પાનાચંદ શાહના સ્મરણાર્થે શ્રી પ્રવિણચંદ્ર વસંતલાલ શાહ (ઢંઢેરવાડો)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૯,૦૦૦ સ્વ. શ્રી કીર્તિકુમાર કેશવલાલ શાહના સ્મરણાર્થે શ્રી દેવાંગભાઈ કીર્તિકુમાર શાહ (મનમોહનજીની શેરી)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા પોરવાળ | ચોધરીની શેરી | ચંદ્રકાંતભાઈ નેમચંદ શાહ | ૮૨ | નેપીયન્સીરોડ, મુંબઈ | ૨૦-૬-૨૦૧૫ | અધિક અષાઢ સુદ-૪ |
| વિશા ઓસવાલ | ઝવેરીવાડો | નયનબાળાબેન કાંતિલાલ ઝવેરી | ૮૦ | પાટણ | ૨૩-૬-૨૦૧૫ | અધિક અષાઢ સુદ-૭ |
| વિશા શ્રીમાળી | મારફતીયા મેહતાનો પાડો | રમીલાબેન સુરેશચંદ્ર શાહ | ૭૫ | મરીનડ્રાઈવ, મુંબઈ | ૩૦-૬-૨૦૧૫ | અધિક અષાઢ સુદ-૧૩ |
| વિશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | બાબુ નરેન્દ્રકુમાર વિજયકુમાર પનાલાલ | ૭૮ | વાલકેશ્વર, મુંબઈ | ૦૨-૭-૨૦૧૫ | અધિક અષાઢ સુદ-૧૫ |

*ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુબાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન * * દેહદાન કરો અને કરાવો

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● JULY 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on
Published on 15th of every month 25th and 26th of everymonth. Postal Regd. No. MCS / O84 / 2015--17

# ધોધમાર વહેતો પવિત્ર દાનનો પ્રવાહ

**બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ વાલકેશ્વરના ટ્રસ્ટીઓએ, મંડળના સમાજ ઉત્કર્ષની અનેક વિધ પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ, પાટણ જૈન મંડળની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે રૂા. એક કરોડ આઠ લાખની માતબર રકમની જાહેરાત કરેલ છે જેનો ઉપયોગ પાટણના જૈન દેરાસરોનો જીર્ણોદ્ધાર, સાધર્મિક ભક્તિ તેમજ જ્ઞાનખાતા વિગેરેમાં કરી શકાશે. તેમની આ સખાવત માટે અમો બાબુ ભરતભાઈ ઝવેરી, શ્રી પ્રદિપભાઈ ઝવેરી, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ, સૌ ટ્રસ્ટીગણના ખૂબ ખૂબ આભારી છીએ.**

**આ સાથે આપણી શતાબ્દીની ઉજવણી માટે દાનવીર પરિવાર શ્રી નરેશભાઈ નવનીતલાલ તરફથી રૂા. ૧૧ લાખનું દાન, પાટણ જૈન મંડળને કરેલ છે.**

સમાજના વિકલાંગ બાળકોની આગવી સૂઝ અને શક્તિથી હુન્નર ઉદ્યોગની પાટણ ખાતે ચાલતી ''દિશા'' કાર્યશાળાના નામકરણ માટે રૂા. ૧૧ લાખ ગત પ્રતિબિંબ અંકમાં જાહેર કરેલ, ત્યારબાદ વિકલાંગ ઉત્કર્ષ પ્રવૃત્તિના નિભાવ માટે વધુ રૂા. ૧૦ લાખ મળી કુલ રૂા. ૨૧ લાખ વિકલાંગ બાળકોના ઉત્કર્ષ માટે ઉદારતા પૂર્વકની દાન આપવાની બાબુ ભરતભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરીએ મહેર કરેલ છે. આમ એકંદરે તેઓ તરફથી બે માસના સમયમાં જુદી જુદી પ્રવૃત્તિઓમાં **કુલ ૩૬,૫૫,૦૦૦/- સખાવત થવા પામેલ છે** તેઓ પ્રતિ આદર સાથે અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છે.

## Program for August 2015

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Sun | **16-Aug** | Shr S 2 | 9.15 am | Hindi Vidya Bhavan | **Vyakhan - Karmavad** |

## Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **J. Mahek, Progr, Parle Chapt.** | Sat | **10-Oct** | Bhad V 13 | 6 pm | Yashoda Rang Mandir, Vile Parle | Dandiya Ras |
| 2 | **Program** | Sun | **22-Nov** | Kar S 11 | | Marine Drive | **New Year Sneh Sammelan** |
| 3 | **Program** | Sat | **28-Nov** | Kar V 3 | 3 to 11 pm | Birla Matushree | **Talent Parade** |
| 4 | **Program** | Sun | **10-Jan** | Posh S 1 | 9 to 1 pm | Yogi Sabhagruh | **Navkar Mantra Jaap** |

## Dandiya Raas

**Jeevan Mahek, Program Committee & Vile parle Chepter are pleased to organise Dandiya Raas on Saturday evening, 10th October at Yashoda Rang Mandir at Vile Parle** with popular music band, just 3 days prior to the start of Navratri. All youngsters are invited to participate fully and enjoy the evening.

## Talent Parade

It is important that Patanis come forward in large numbers to present their artistic talent in front of Patan Samaj on **Sunday afternoon, 28th November. Please fill up the Form immediately and also send your item on Whats App ( Cell No. 9167902267) or send your item on Pen drive** to Shree Patan Jain Mandal at Marine Drive.

TO,

Edited, Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.